કલા, કારીગરી અને કૌશલ્યને ઉજાગર કરતું માસિક • ૧૦, જુન ૨૦૨૧ | ₹ ૩૦

# વિશ્વકર્મા વિશ્વ




## નાના કારખાના, કારીગર, વેપારી વર્ગ માટે રાહત પેકેજ જરૂરી

## માસ પ્રમોશન

કહીં ખુશી... કહીં ગમ...!



## જયંતિભાઈ મેવાડા : મેવાડા સમાજના ભામાશા



Olive®

Believe in the Best

www.oliveworld.co.in

## KITCHEN ACCESSORIES







vetroline

Aluminum & SS Railing Systems

## RAILING SYSTEMS







**EVERSHINE APPLIANCES PVT. LTD.** (CIN. U27108GJ2004PTC044421)

Plot No. 41, Ichhapore GIDC, Opp. ONGC, Sachin-Hazira Road, Bhatpore Village, Surat - 394510 (Gujarat) INDIA.

+91 9879642266, 9879652266 | info@oliveworld.co.in | www.oliveworld.co.in

VISHWAKARMA VISHAWA
(GUJARATI-MONTHLY)
RNI REGD. NO.GUJGUJ/2013/49269




Volume No.-9, Issue No.5
Date : 10-06-2021

Page : 36
Retail Price Rs.30/-
Annual Subscription Rs. 300/-

**Editor :** Pravin Dayaljibhai Gajjar (Bhadeshia)

**Graphic Design :** Amit Vaghela

**Web Editor :** Parth Gajjar

**Marketing :** Rameshbhai Vaghasana

**Office :** Vishwakarma Vishwa, Ramy Publication, 320, Heera Panna Complex, Dr. Yagnik Road, Rajkot-360001. Ph. 0281-2461858

**Editor-Publisher-Owner & Printer:** Pravin Dayaljibhai Gajjar (Bhadeshia), Printed & Published at Ramy Printers, 'Meghavi', R.M.C. Nagar, Near Jain Boarding, Airport Road, Rajkot-360007, (Gujarat)

**E-mail:** vishwakarmavishwa@yahoo.com
**Web:** vishwakarmavishwa.com
www.fb.com/vishwakarmavishwa

**'વિશ્વકર્મા વિશ્વ'માં પ્રકાશિત થતી વાંચન સામગ્રીમાં વ્યક્ત થતા વિચારો જે–તે લેખકના છે. એની સાથે તંત્રી/સંપાદક હંમેશા સંમત જ છે તેમ માનવું નહીં. કાનૂની ક્ષેત્ર રાજકોટ રહેશે.**

## તંત્રી સ્થાનેથી...

# નાના કારખાના, કારીગર, વેપારી વર્ગ માટે રાહત પેકેજ જરૂરી

કોરોનાની બીજી લહેરમાં લોકડાઉનનો સામનો કરી રહેલા નાના કારખાનેદારો, કારીગર વર્ગ, વ્યાપારીઓ મીની લોકડાઉનને કારણે ખુબ જ આર્થિક મુશ્કેલીમાં મુકાયા છે. આવી પરિસ્થિતિમાં સરકારે કારીગર વર્ગ, નાના કારખાનેદારો અને નાના વેપારીઓ માટે સરકારે વિવિધ ક્ષેત્રે રાહત આપવી જોઈએ. આવા વર્ગ માટે રાહત પેકેજ આપવું જોઈએ.

ઈન્ડસ્ટ્રીઝની હાલત તેમાં પણ નાના કારખાનેદારો હેરાન પરેશાન છે. મીની લોકડાઉન જેવી પરિસ્થિતિમાં નાના કારખાના ચલાવવા માટેના કાચા માલની અછતની સાથોસાથ વિવિધ કાચા માલમાં થતા રહેલા ભાવ વધારાના કારણે નાના કારખાનેદારોને કારખાના ચલાવવા પણ મુશ્કેલ બન્યા છે. આવી પરિસ્થિતિમાં અનેક નાના કારખાનાઓ બંધ થઈ ગયા છે અને આવા નાના કારખાનેદારોને બીજા કારખાનાઓમાં મજુરી કરવાનો વારો આવ્યો છે.

ઈન્ડસ્ટ્રીઝમાં પરપ્રાંતીય કામદારો અને મજુરો મોટા પ્રમાણમાં છે અને આવા પરપ્રાંતિયોમાંથી મોટાભાગના મજુરો-કારીગરોએ પોતાના વતનની વાટ પકડી હોવાને કારણે કારખાનેદારોને મજુરો કારીગર મળતા નથી અને પરિણામે મજુરી પણ દિનપ્રતિદિન મોંઘી થતી જાય છે.

કોરોનાની બીજી લહેરમાં પિસાતા નાના કારખાનેદારોને અને મધ્યમ કહી શકાય તેવા વેપાર અને ઉદ્યોગોને વીજબીલ, પ્રોપર્ટી ટેક્ષ વગેરેમાં રાહત આપવી જોઈએ અને નાના અને મધ્યમવર્ગના ઉદ્યોગો ટકી રહે તે માટે ઓછા વ્યાજની કે વ્યાજ વગરની લોન આપવાની વ્યવસ્થા સરકારે કરવી જોઈએ.

કોરોનાની આ બીજી લહેરનો ભોગ મોટાભાગના પરિવારો બન્યા છે. કેટલાક પરિવારમાં તો પરિવારના બધા લોકો કોરોના કાળનો કોળીયો બની ગયા છે. અનેક બાળકો એવા છે. જેથે પોતાના વડીલો ગુમાવ્યા છે. ભાગ્યે જ એવુ ઘર હશે જે કોરોનામાં સંક્રમીત થયુ ન હોય, કોરોનાની પ્રથમ લહેર કરતા આ બીજી લહેરે લોકોને મોટા ખર્ચના ખાડામાં ઉતારી દીધા છે. આવી પરિસ્થિતિમાં અત્યારે જીવન વ્યવહાર અને વેપાર ધંધા ચલાવવા મુશ્કેલ બન્યા છે. ત્યારે સરકારે નાના કારખાનેદારો-કારીગર વર્ગ, વેપારી વર્ગ વગેરે માટે રાહત પેકેજ સરકાર જાહેર કરવું જોઈએ. ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણીની સરકાર સંવેદનશીલ સરકાર ગણાય છે. ત્યારે સરકાર આવા નાના કારખાનેદારો કારીગરો-વેપારીઓ, મજુરો માટે રાહત પેકેજ આપી સંવેદનશીલતા દાખવશે ખરી ?

P.D.Gajjar
◆ પ્રવિણ ગજ્જર

**નોંધ :** વિશ્વકર્મા વિશ્વમાં પ્રસિદ્ધ થતી વાંચનસામગ્રીનો અમારી પરવાનગી વગર ઉપયોગ કરવો નહીં નહીંતર કાયદેસરના પગલા લેવાશે તેની નોંધ લેવી. - **તંત્રી**

# માસ પ્રમોશન
# કહીં ખુશી... કહીં ગમ...!

ગોપાલ વડગામા

સમગ્ર વિશ્વ આજે કોરોનાના કહેરથી પીડાઇ રહયું છે. કરોડો લોકો તેની ઝપેટમાં આવી ગયા, લાખો લોકો મૃત્યુ પામ્યા અને સાથે સાથે આર્થિક રીતે વિશ્વનો મોટો વર્ણ પાયમાલ થઇ ગયો છે. આ બધુ તો આપણે દરરોજ સાંભળીએ છીએ. પરંતુ મારી દૃષ્ટિએ સૌથી વધુ અસર શૈક્ષણિક જગતમાં થઇ છે ઓનલાઇન શિક્ષણના થીગડા દ્વારા આપણે તેને કંઇક અંશે જીવંત રાખી શકયા, પણ સૌથી વધારે પીડા તો અમારા જેવો શિક્ષક વર્ગ અનુભવી રહયો છે. અને તે છે માસ પ્રમોશનની પીડા... હા મિત્રો, શિક્ષણ વિભાગના આ નિર્ણયને આપણે સ્વીકારવો જ રહયો. પરંતુ હવે પછીની પરિસ્થિતિ જે થશે ને તેના પડઘા ખુબ જ ગંભીર હશે. એવું મને લાગી રહયું છે.

એસ.એસ.સી.ની પરીક્ષાએ વિદ્યાર્થી જીવનનું પ્રથમ માઇલસ્ટોન હતું. જેના દ્વારા તેનામાં શિક્ષણ પ્રત્યેની ગંભીરતા આવતી અને ઉચ્ચ અભ્યાસનાં બીજ તેનામાં રોપાતા, હવે જયારે માસ પ્રમોશન જ મળ્યું છે. ત્યારે આ બાબતે મોટા ભાગના વિદ્યાર્થીઓ બેદરકાર થઇ જશે. એક તો મોબાઇલ-ટીવીના દુષણે શિક્ષણ પર પ્રહાર કર્યો છે. ત્યારે આ માસ પ્રમોશન તેને શિક્ષણથી વધુ દુર ન કરે તે બાબતની ચિંતા કરવા જેવી છે.



જે શાળામાં ધો. ૧૦ના વર્ગો વધુ છે અને ધો. ૧૧માં વર્ગો ઓછા છે. અથવાતો ઉચ્ચ માધ્યમિક વિભાગ નથી તેવા વિદ્યાર્થીઓને કયાં સમાવવા ?

જે ખુબ જ નબળા વિદ્યાર્થીઓ છે તે પાસ થઇ ગયા તેમને ખુશી છે. પરંતુ હોશિયાર વિદ્યાર્થીઓ ખુબ મહેનત કરીને પોતાની ક્ષમતા પુરવાર કરવા માંગતા તા તેમને ગમ-દુઃખ પણ છે.

પોતાની ક્ષમતા-ખામી જાણ્યા વિના આગળ વધારવાથી તેમનું આવનારું ભવિષ્ય કેવું હશે ?

વિજ્ઞાનપ્રવાહમાં કે ડિપ્લોમા ધો. ૧૦ની માર્કશીટને આધારે એડમિશન મળતું... હવે ઘણા મા-બાપ ક્ષમતા ન હોવા છતાં પોતાની ઇચ્છાને કારણે પણ તેમના બાળકોને એડમિશન અપાવશે. માસ પ્રમોશનથી એડમીશન સરળ બનશે.

શિક્ષણ વિભાગે ધો. ૧૦ની પરીક્ષામાં બોર્ડ નીકળી જશે તેવું નવી શિક્ષણનીતિમાં છે તો આ વર્ષથી જ તેનો અમલ કરીને ધો. ૧૦ બોર્ડ સત્વરે દુર કરીને તાત્કાલિક નિર્ણય કરવો જોઇએ.

ધો. ૧૨ના વિદ્યાર્થીઓને પરીક્ષા આપવાની જ છે. તેમની પરીક્ષા લેવાશે જ તેમને માસ પ્રમોશન નહીં મળે તે ખાસ ધ્યાન રાખે. તમે પરીક્ષાની તૈયારીમાં જ રહો...

કોલેજોમાં પણ માસ પ્રમોશન આપ્યું છે તેમાં પણ છેલ્લા વર્ષોની પરીક્ષાઓ લેવાશે જ તેમને માસ પ્રમોશન નહી મળે તેથી આ વિદ્યાર્થીઓ પણ પરીક્ષાની તૈયારી ચાલુ જ રાખે તે અનિવાર્ય છે.

હવે ઓનલાઇન શિક્ષણથી આપણે બધા લગભગ ટેવાઇ ગયા છે અને હવે પછીનો સમય કેવો જશે તેનો સામનો કરવા માટે આપણે ઓનલાઇન શિક્ષણ માટે ઇન્ફ્રાસ્ટ્રકચર મજબુત બનાવવું પડશે અને તેની સાથે ઓનલાઇન પરીક્ષા પણ સરળતાથી લઇ શકાય તેવુ માળખુ વૈકલ્પિક રીતે તૈયાર કરવુ જ પડશે. જો આપણી પાસે ઓનલાઇન પરીક્ષા લેવાની વ્યવસ્થા હોત તો આજે આ માસપ્રમોશનની નોબત ન આવી હોત.

મિત્રો આપણે અમુક પરિસ્થિતિ, અમુક બાબતે સ્વીકારવી જ પડતી હોય છે. તેવી જ આ કોરોના કાળની પરિસ્થિતિ છે. જેમાં જવાબદારી પૂર્વકનું વર્તન કરવા માટે આપણે શિક્ષણ દ્વારા ઘણી જાગૃતતા લાવી શકયા છીએ. પરંતુ જો માસ પ્રમોશનનું દુષણ બની જશે તો ભવિષ્યનો વિદ્યાર્થી કંગાળ હશે. તેની પાસે ડીગી હશે લાયકાત નહીં હોય.

માટે જ... ભવિષ્યની એક જ માંગ છે કે ઓફલાઇન પરીક્ષા પદ્ધતિની સાથે ઓનલાઇન પરીક્ષાને સુદૃઢ બનાવીએ. ગ્રામ્ય વિસ્તારોને પણ ઇન્ટરનેટ સેવાથી સમૃદ્ધ બનાવવા પડશે. તો જ આપણે આવતા વર્ષોમાં આ માસ પ્રમોશનને દુર કરી શકીશું.

**આર્તવાણી**

જે દેશનું ભાવિ.... પરિક્ષા કેન્સલ થવા પર ખુશ થાય...
અને Pub-G અને TikTok બેન થવા પર દુઃખી થાય....
ત્યાં પછી બેરોજગાર નહિં... તો ... ?
શું બિલગેટ્સ પેદા થાય... ?

# કોણ વિચારશે ?
# અને કયારે વિચારશે ?

**ડી. જે. બાવળેચા**



સવા-દોઢ વર્ષ વીતી ગયું. મળેલ સુચના મુજબ માસ્ક પહેર્યા, હાથ ધોયાં, કામ સિવાય ઘરની બહાર ન નીકળ્યા. ટોળે ન વળ્યાં, જરૂર પુરતાં જ સામાજીક-ધાર્મિક પ્રસંગો થોડો સમય જ રહયાં. કોઇને ઘરે આવવા આમંત્રણ ન આપ્યું. કોઇને ઘરે ન બોલાવ્યા. થાળી વગાડી, ઘંટ વગાડયો, ફુલ વરસાવ્યા, લાઇટ બંધ કરી દીપ પ્રગટાવ્યા. પોતાના દુઃખે દુઃખી અને પારકા દુઃખે દુઃખી થયા.

કોરોનાને હરાવવા ભગીરથ પ્રયત્ન કર્યા પણ હજુ સુધી જીત્યા નથી..., અને હાર્યા પણ નથી.

દારૂની દુકાનો ખુલી ગઇ..., પણ નિશાળો બંધ ! સવા દોઢ વર્ષથી બાળકો રમ્યા નથી ! ભણ્યા નથી ! અને આપણો સવાલ છે. પરીક્ષા લેવી કે નહીં ? માસ પ્રમોશન આપવું કે ન આપવું ? અર્જુનને ધનુષ-બાણ અંગે કશું શીખવ્યા વિના પંખીની આંખ વીંધવાનું કહેવું એ કેટલું વ્યાજબી કહેવાય ?

સાચી વાત તો એ છે કે - બાળકોને વાયરસથી સુરક્ષિત કર્યા વિના, દરેક બાળકને વેકસીન આપ્યા વિના શાળાઓ ખોલવી કે પરીક્ષા લેવી એ વિચાર જ મોટી ભૂલ છે અને નિશાળ ખોલીયે નહીં કે પરીક્ષા લઇએ નહીં તો નવી પેઢીને આવતીકાલે કેવડું મોટું નુકશાન થાય, નિશાળ ખોલવી પડશે પરીક્ષા વિના કેમ ચાલે ? કોરોના સામે વિશ્વસનીય કાર્યવાહીમાં પુરૂં ન વિચારાયું. માસ્ક પહેરવાથી રક્ષણ મળ્યું તો બીજી બાજુએ માસ્કના કારણે જેટલા ઓકસીજન લેવો જોઇએ તેટલો શ્વાસ ન લઇ શકયો અને રોગચાળો વધુ ભયાનક થયો.

ઓકસીજન શોધવો પડે છે. પરીક્ષા અંગે, શાળા કોલેજ અંગે વિચારતા ભુલ ન થઇ જાય તેનું ધ્યાન કોણે રાખવાનું ? ઓનલાઇન ટીચીંગ અને ઓનલાઇન એકઝામ આવતીકાલે કેળવણીની કાયાપલટ કરશે પણ આજે તો નુકસાન કરે તેવો ભય લાગે છે. એમાંથી બચવાના ઉપાયો શોધ્યા વિના નુકસાન કેવી રીતે અટકાવશું.

કોરોના સામે અવિરત આટલું ઝઝૂમ્યા વિના પછી બીજી લહરમાં કેવા પરિણામ દેખાયા ? 'દવા નથી, દવાખાના નથી. એમ્બ્યુલન્સ નથી. તબીબ નથી વેકસીન અંગે અસરકારક કાર્યવાહીમાં કેટલીક ખામી છે. તેનો અહેસાસ સૌને થયો છે.

માસ પ્રમોશન આપવું કે નહીં ? એ પ્રશ્નનો ઉત્તર શોધવો સહેલો છે. પણ પછીના પરિણામોની નુકસાનીમાંથી કેમ બચવું ? વિચારવાનું ન ભુલાય તો સારું ! કોણ વિચારશે અને કયારે વિચારશે ?


## વિશ્વકર્મા વિશ્વ
### લવાજમ ભરવા માટે...

**મોરબી**

**રાજુભાઇ કથ્રેચા :** C/o. રાજુ વીડિયો, રુદ્ર પ્લાઝા કોમ્પ્લેક્ષ, શોપ નં. ૧૭, પહેલા માળે, શનાળા રોડ, મોરબી. મો. ૯૮૭૯૦૧૫૬૬૮

**રાજકોટ**

**રમેશભાઇ વાઘસણા** - મો. ૯૮૨૪૮ ૭૪૫૩૨

**મુંબઇ**

**પ્રવીણ બોરાણીયા** - મો. ૯૮૨૦૯ ૫૩૦૧૦

**જામનગર**

**હીનાબેન અઘેડા** - મો. ૭૪૦૫૬૫૧૭૦૮

**બરોડા**

**ચેતનભાઇ સુથાર** - મો. ૯૫૭૪૩ ૮૪૫૯૩

**ઓનલાઇન લવાજમ ભરવા માટે...**
Visit : www.vishwakarmavishwa.com

# મારી કોરોના સાથેની સફર

અનિલ અંબાસણા

મારાં ભત્રીજાના પત્નીને કોરોના પોઝિટીવ આવેલ. તેણે મારી પાસે જરૂરી દવા અને ઓક્ષિમિટર મંગાવ્યા. જે મેં તેમને પહોંચતા કર્યા. થોડીવાર ત્યાં બેઠો. ઘરે આવતાં જ મુશ્કેલી શરૂ થઇ. ત્યાં બધાને કોરોના પોઝિટીવ આવેલ છે, (જેની મને કોઈએ જાણ કરેલી ન હતી.) તમે દવા અને ઓક્ષિમિટર દેવા શા માટે ગયા?, ચાલો, પહેલા ગરમ પાણીએ નાહી લો. પછી તમારા રૂમમાં ક્વોરનટાઈન થઇ જાવ. આપણે કોઈજ પ્રકારનું જોખમ લેવું નથી.

અને હું તારીખ ૩૦/૦૪/૨૧ની સાંજથી હોમ ક્વોરનટાઈન થયો. મારાં રૂમમાં મારાં કામની/ મારાં ઉપયોગની બધી સગવડતાઓ હતીઃ કમ્પ્યુટર, પ્રિન્ટર, ઈન્ટરનેટ, પુસ્તકો વગેરે. ઉપરાંત મારે ત્રણ વેબિનાર લેવાના હતા. એમની પણ તૈયારી કરવાની હતી. ઉપરાંત કોરોનાના કોઈ જ લક્ષણો ન હતા. ઈશ્વરની કૃપાથી સમય કેમ પસાર કરવો એ પ્રશ્ન ન હતો. ઉલટાનું વધારે સારું અને નિરાંતે કામ થયું. જાત સાથે બેસવાનું પણ થયું, ત્યારે એકાંત કરતાં એકલતાનો અહેસાસ થતો. જે એક પ્રકારની સજા જેવું લાગતું. ત્યારે મન શાંત થવાને બદલે વધારે વ્યગ્ર થતું.



દસ દિવસ બાદ ટેસ્ટ કરાવ્યો પરિણામ નેગેટીવ હતું. ત્રણેક દિવસ બાદ બે વાર બીજા ટેસ્ટ કરાવ્યા. જેમાંથી એક નેગેટીવ અને એક પોઝિટીવ આવ્યો. આથી ઘરના લોકોએ ડોક્ટરને બતાવવાનું નક્કી કર્યું. ડો. સુનીલ શાહે ચેસ્ટ અને અન્ય બ્લડ રીપોર્ટ કરાવ્યા. તેમના મત પ્રમાણે મારે હોસ્પિટલાઇઝ થઇ જવું જોઈએ. એ વખતે રાજકોટમાં બેડ મેળવવી મુશ્કેલ હતી. તારીખ ૧૨/૦૪/૨૧ના રાત્રે દસેક વાગ્યે યુનિવર્સિટીના અધ્યાપક કુટિરમાં શરૂ થયેલ કોવિડ-૧૯ કેર સેન્ટરમાં દાખલ થયો. અધ્યાપક કુટિરમાં શરૂ થયેલ કોવિડ-૧૯ કેર સેન્ટરમાં ડોક્ટર સહીત સારો એવો નર્સિંગ સ્ટાફ હતો. વ્યવસ્થા ઘણી સારી હતી.

તારીખ ૧૪/૦૪/૨૧ના રોજ મને સિટી સ્કેન માટે લઇ ગયા. રીપોર્ટ અંગે મારી સાથે કોઈ વાત કરતુ ન હતું. અલબત રિપોર્ટથી મને કશો ફેર પડતો ન હતો. જે આવે તે બધું વાસ્તવિક હોય માટે સ્વીકાર્ય હતું.

તારીખ ૧૪/૦૪/૨૧ની રાતથી તારીખ ૧૫/૦૪/૨૧ની વહેલી સવાર સુધી મારું ઓક્સિજન લેવેલ ૭૫ - ૭૭ થઇ ગયું. મને વારંવાર પૂછવામાં આવતું કે શ્વાસ લેવામાં કોઈ તકલીફ થાય છે? ગભરામણ થાય છે? મને કોઈ જ પ્રકારની તકલીફ થતી ન હતી. ડોક્ટર અને નર્સિંગ સ્ટાફ મુંઝવણમાં હતો. મને પોર્ટેબલ બોટલમાંથી ઓક્સિજનનો સ્પ્રે કરતા હતા. મને શું થઇ રહ્યું છે, તેની સમજણ પડતી ન હતી. આ સ્થિતિમાં બ્રશ, ચા પાણી, નાસ્તા કે ફ્રેશ થયા વગર મને વહેલી સવારે સિવિલ હોસ્પિટલ લઇ ગયા. ત્યાં પ્રવેશ માટે લાંબી લાઈન હતી. એમ્બુલન્સ, મોટરો અને રીક્ષાઓમાં કોરોનાના દર્દીઓ પ્રતિક્ષામાં હતા. આ સમયે વારો આવવાની પ્રતિક્ષામાં મગજ ચકરાવે ચડ્યું હતું. મને અહીં શા માટે લાવ્યા છે? મને શું થાય છે? રીપોર્ટમાં એવું કઈ છે? વગેરે. પછી મનને સમજાવ્યું: તારે શા માટે ચિંતા કરવી..તું કઈ ડોક્ટર છો. જે હશે તે ડોક્ટરે જોવાનું છે.


એકાદ કલાક પછી ડોકટરની ટીમ આવી. કેટલાંક પ્રશ્નો પૂછયા અને કરાવેલા રીપોર્ટસ જોયા. ઇન્ડોર પેસન્ટ ફાઈલ તૈયાર થઇ. પરંતુ સિવિલમાં જગ્યા ન હોવાથી સમરસ હોસ્ટેલની હોસ્પિટલમાં રીફર કર્યા. સિવિલના ડોક્ટરોએ દવાઓ અને સારવાર સૂચવ્યા/લખી આપ્યાં હતા. સિવિલની ફાઈલ સાથે સમરસ હોસ્પિટલમાં દાખલ થયા. સમરસ હોસ્પિટલ ખૂબ જ મોટી દસ માળની હોસ્પિટલ છે. આખી હોસ્પિટલ સ્ટાફથી ધમધમતી હતી. મારો વારો આવતાં મને વ્હીલ ચેરમાં લીફ્ટ દ્વારા ચોથા માળે, ૧૧ નંબરના રૂમમાં, ઇ પલંગ સુધી લઇ ગયા.(મારી ઓળખ ૪૧૧ઇ). દરેક પલંગ પર ઓક્સિજન કનેક્શન હતા. થોડી જ વારમાં મારી નવી ફાઈલ બની ગઈ અને મેડીકલ સ્ટાફની ટીમ આવી ગઈ અને દવાઓ, ઇન્જેક્શન, ઓક્સિજન માસ્ક વગેરેની સારવાર શરુ થઇ ગઈ.

સમરસ હોસ્પિટલમાં વ્યવસ્થાપન ખૂબ જ ઉતમ કક્ષાનું હતું. સવારે ચા તાજો નાસ્તો, બપોરનું ગરમ પોષ્ટિક પુરતું ભોજન,

સાંજનો ચા નાસ્તો અને રાતનું પોષ્ટિક પુરતું ભોજન આપવામાં આવતું. તે પહેલા જરૂરી દવાઓ, ઇન્જેક્શન, દર્દીને આપી જતા. સાથે બ્લડ સુગર, ઓક્સિજન લેવલ, બ્લડપ્રેશર વગેરે ચેક થઇ જતા. દિવસ દરમિયાન સારવાર એના સમયે થતી રહેતી. દિવસના બે ત્રણ વાર ડોક્ટર અને તેની ટીમ અચૂક મુલાકાત લેતી. લોબીમાં ચોવીસ કલાક કોઈને કોઈ સ્ટાફ હાજર હોય જ.

પીવાના પાણીની વ્યવસ્થા પણ એટેન્ડનટ કરી આપતા. માસ્ક વગર દર્દી નીકળે તો તરત માસ્ક પહેરવાની સુચના મળી જાય. સ્વચ્છતા પર પણ સારું ધ્યાન અપાતું.(પણ આપણી પ્રજા ટોઇલેટ બ્લોકની સ્વચ્છતા જાળવી શકતી નહતી)

આમ, બધી રીતે વ્યવસ્થા સારી હતી. સમગ્ર સ્ટાફને નતમસ્તક ભાવપૂર્ણ અશ્રુભીના વંદન, જેનું ઋણ ચૂકવવાનો પ્રશ્ન જ નથી, અશક્ય છે. અરે ઋણ ચૂકવવાનો વિચાર સુદ્ધા પણ પાપ ગણાય. આ લોકોની નિષ્ઠાપૂર્ણ સેવાને કારણે હું તારીખ ૨૩/૪/૨૧ના રોજ સ્વસ્થ પાછો ફર્યો છું. ઈશ્વર તેમનું કલ્યાણ કરે. સમગ્ર સ્ટાફને છોડતા ભારે હૃદયે ભીની આંખે આવજો પણ ન કહેવાયું.



આ હતી કોરોના સાથેની સફરની એક ભૌતિક બાજુ. કોરોનાની સફરની બીજી બાજુ પણ જોઈ લઈએ.

પ્રથમ તો કોરોનાના ત્રણ રીપોર્ટ પૈકી બે નેગેટીવ અને એક પોઝિટીવ આવ્યા. કોને સાચો માનવો? કોઇપણ લક્ષણ વગર પોઝિટીવ રીપોર્ટને સાચો માની આગળ વધ્યા. ડોકટરે બ્લડ અને છાતીનો રીપોર્ટ કરાવવાનું કહ્યું, ત્યારે કોરોના હોવાની સંભાવના સ્વીકારવાનું શરૂ કર્યું. એમાં પણ હોસ્પિટલમાં દાખલ થવાનું સુચન કર્યું ત્યારે કોરોના હોવાની શંકા વાસ્તવિક બની. અધ્યાપક કુટીર સુધી કોરોનાનો ભય ન હતો. એક સામાન્ય માંદગી તરીકે ગણતો હતો. સિટી સ્કેન અને સિવિલમાં જવાનો નિર્ણયે કોરોનાના ઉગ્ર સ્વરૂપનું બીજને મગજમાં રોપ્યું. જેને હોસ્પિટલના વાતાવરણે સંપૂર્ણ ટેકો જાહેર કર્યો. છતાં માનસિક રીતે ઘણો જ સ્વસ્થ હતો કારણકે મને કોરોનાના કોઈ જ લક્ષણો દેખાતા ન હતા.

સમરસમાં મેડીકલ સારવાર ચાલુ થઇ. આ સારવારમાં પાંચ દસ મિનિટથી વધારે સમય લાગતો ન હતો. દિવસમાં ત્રણવાર નિયમિત રીતે આ પ્રક્રિયા થતી. આ સારવાર શેની હતી અને મને શા માટે આપવામાં આવે છે? એ હું ડોક્ટરને ક્યારેય પૂછી ન શક્યો. એ મારો વિષય ન હતો. અને ડોક્ટર મારાં દુશ્મન પણ ન હતા.

સારવાર સિવાયનો આખા દિવસનો સમય કાઢવો એ કોરોના સામેના જંગનો ખૂબ જ નાજુક અને સારા માઠા વિચારોને કાબુમાં રાખવાનો પડકારરૂપ ભાગ હતો. આ વખતે મારી વિચારવાની કાર્ય શૈલી કંઇક આવી હતી.

- અનાદિકાળથી ચાલી આવતી પ્રક્રિયા છેઃ જગતમાં જે કોઈ જન્મે છે, તેનું મૃત્યુ નિશ્ચિત છે.
- જયારે મૃત્યુ નિશ્ચિત જ હોય તો તેનો સ્વીકાર શા માટે ન કરવો. તેનાથી ભાગવું શા માટે?
- જો જન્મને રાજી ખુશીથી આવકારતા હોય તો તે રીતે વિદાયને/મૃત્યુને શા માટે નહિ?
- આત્મા અમર છે, શરીર નાશવંત છે એવી આપણે માત્ર વાતો કરીયે છીએ.
- હું હોસ્પિટલમાં સાજો સારો થવા માટે આવ્યો છું. અહી બે શક્યતાઓ હતીઃ (૧) સારો સાજો થઇ પાછો ઘરે જઈશ અથવા (૨) સમય પૂરો થયો હશે તો ઘરે પાછો નહિ જાવ. અહી ત્રીજી કોઈ શક્યતા હતી જ નહિ. મારી શ્રદ્ધા પહેલી શક્યતા પર હતી. અલબત બીજી શક્યતાને અવગણતો પણ ન હતો.
- મોબાઈલનો ખપ પુરતો જ ઉપયોગ કરતો હતો. બધાના કોલ ઉપાડતો પણ ન હતો.
- વિચારવા માટે ખૂબ સમય હતો. સારા અને માઠા બંને પ્રકારના વિચારોને ન્યાય આપતો.
- જો હેમખેમ નીકળી જાવ તો હવે શું શું નવું કરીશ તેના આયોજન વિશે વિચારતો. જેના લીધે શરીરમાં સ્ફૂર્તિનો સંચાર થતો. તાજગી અનુભવતો. આનંદ ઉલ્લાસનો અનુભવ થતો. નબળાઈ થાકમાં સુધારો જાણતો.
- ભૂતકાળને ઉલેચવાની સારી તક મળી. જે કોઈ સાથે જાણ્યે અજાણ્યે ઝઘડો થયો હોય, કોઈ બાબતમાં મન દુઃખ થયું હોય તો તે બધું હું ખરા દિલથી ભૂલી ગયો છું. અહીની કચરા ટોપલીમાં એ ભૂતકાળને નાખી આવ્યો છું.
- કોઈના પ્રત્યેની ફરિયાદ, અફસોસ , દુઃખ, રંજ રહ્યા નથી.
- હું એક નવા ઇચ્છિત સ્વરૂપે પુનઃ નિર્માણ પામ્યો હોવ એવી લાગણી અનુભવું છું.
- અને જો હોસ્પિટલથી પાછો ન ફર્યો હોત તો ઈશ્વરનો આભારી થાત કે તે મને જોઈતું હતું તે અને વણ માગ્યું પણ ખોબા ભરી ભરીને આપ્યું છે.
- મારી યોગ્યતા, મારી લાયકાતથી પણ વિશેષ આપ્યું છે.

નોંધઃ સમરસ હોસ્પિટલની સમગ્ર સારવાર તદન નિશુલ્ક હતી.

# સત્ય ક્યારે બોલવું, કેટલું બોલવું અને કેવી રીતે બોલવું?

**ગીતા માણેક**

અમારા એક પરિચિત વ્યક્તિને ગળામાં ગાંઠ થઈ હતી. ફેમિલી ડોક્ટરે જાતભાતના ટેસ્ટ અને બાયોપ્સી પણ કરાવડાવી. આ ગાંઠ કેન્સરની નથીને એ તેઓ જાણવા માગતા હતા. હજુ તો માંડ બાયોપ્સી થઈ હતી. ગળામાંથી કાઢેલા ટીશ્યૂ જેને આપણે સામાન્ય ભાષામાં માંસનો નાનકડો ટુકડો કહીએ એ હજુ તપાસ માટે મોકલવામાં આવ્યો નહોતો. બાયોપ્સી માટે જે હોસ્પિટલમાં દાખલ થયા હતા એ હોસ્પિટલ સાથે સંકળાયેલા એક ઑન્કોલોજિસ્ટ એટલે કે કેન્સર સ્પેશિયાલિસ્ટ આવ્યા. તેમણે ગળાનું બહારથી પરીક્ષણ કરીને પોતાનું જ્ઞાન ડહોળવા માંડ્યું. આ ગાંઠ કેન્સરની હશે તો બસ, પતી ગયું. ઑપરેશન કરવાવું પડશે. એ ઑપરેશનમાં તમારી સ્વરપેટી તો ગઈ જ સમજો. તમારો અવાજ ચાલ્યો જશે. બોલી જ નહીં શકો. વાચા હણાઈ જશે.




આમ પણ બાયોપ્સી અને કેન્સર હોવાની સંભાવના જેવા શબ્દો સાંભળીને પેશન્ટ અને તેમના પરિવારજનોના હાજાં ગગડી જ ગયા હોય. આખો પરિવાર સખત તનાવમાં હોય ત્યારે આ ઑન્કોલોજિસ્ટ મહાશય આવું વરવું ચિત્ર નજર સામે ઊભું કરે તો દર્દી અને તેના સ્વજનોના હાલ કેવા થાય એ સમજવા માટે કોઈ મહાન કલ્પનાશક્તિની જરૂર નથી.

એક તબીબી નિષ્ણાત પ્રમાણે તેમની વાત સત્ય છે કે જો કેન્સર હશે તો ગાંઠ ઑપરેશન કરીને કાઢવી પડશે. એવા સંજોગોમાં સ્વરપેટીને પણ કાઢી નાખવી પડે અને અવાજ કાયમ માટે ચાલ્યો જાય. મેડિકલ પુસ્તકો પ્રમાણે તેમની આ માહિતી કદાચ સો ટકા સાચી હશે. એટલે એ અર્થમાં તેઓ જે બોલી રહ્યા હતા એ સત્ય હતું, પરંતુ પ્રશ્ન એ ઉપસ્થિત થાય છે કે એ સંજોગોમાં એ સત્ય આટલી ક્રૂરતાથી ઉચ્ચારવું આવશ્યક હતું? જો આપણે એ ડોક્ટરને પૂછીશું તો તે કદાચ કહેશે કે મેં શું ખોટું કીધું છે? હું આ જ ભણ્યો છું, આ જ શીખ્યો છું અને મારો ડોક્ટર તરીકેનો અનુભવ પણ મને એ જ કહે છે કે આ સંજોગોમાં જો કેન્સર હશે તો એની સારવાર આ જ રીતે કરવી પડશે. તે કદાચ આપણને તેના મેડિકલના થોથા અને વેબસાઇટ્સ દાખવીને પૂરવાર પણ કરી આપશે કે તે જે બોલ્યો એ સોએ સો ટકા સત્ય હતું. છતાંય, આપણામાંના ૯૯ ટકા લોકો સ્વીકારશે કે આ સત્ય તેણે એ સમય અને સ્થળે તેમ જ એ રીતે ઉચ્ચારવાની કોઈ જરૂર નહોતી.

આપણને નાનપણથી શીખવાડવામાં આવે છે કે સાચું જ બોલવું જોઈએ. સત્યવાદી થવું જોઈએ એની ના નહીં, પણ જ્યારે સાચું બોલવું જોઈએ એવું શીખવવામાં આવે ત્યારે એ પણ કહેવું જોઈએ કે સાચું ક્યારે બોલવું અને કેવી રીતે બોલવું જોઈએ.

આપણા ઘરે કામ કરતી કે આપણા બાળકની આયા તરીકે કામ કરતી બાઈ પોતાની પસીનાની કમાણીમાંથી વહાલપૂર્વક આપણા દીકરા કે દીકરીના જન્મદિને રાજકીય પક્ષના વાવટા જેવા ભગવા રંગનો અને એમાં લીલા રંગનો પટ્ટો હોય એવો ડ્રેસ લાવે અને પૂછે કે મેડમ, બાબાભાઈને કે બેબીબેનને આ ડ્રેસ સરસ લાગશેને! ત્યારે સત્યવાદીના પૂંછડા થઈને આ તો સાવ ભંગાર ડ્રેસ છે એવું કહેનારાઓ અમને તો રીઢા ગુનેગારો કરતા પણ વધુ પાપી લાગે.

આધ્યાત્મિક નહીં પણ સાંસારિક અર્થમાં જોઈએ તો બધાનું સત્ય એક હોતું જ નથી. સૌનું પોતપોતાનું સત્ય હોય છે. માની લો કે કોઈ મિત્ર કે પરિચિત લગ્ન કરીને તેની પત્ની સાથે ઘરે મળવા આવે . તેની પત્નીને જોઈને મનમાં આવે કે 'કાગડો દહીંથરું લઈ ગયો' અથવા સદંતર ઊંધી પરિસ્થિતિ હોય તો પણ એ અભિપ્રાય પોતાના પૂરતો સિમીત રાખવામાં સૌનું હિત સમાયેલું હોય છે. એનું પહેલું કારણ એ કે આપણે આપણું સાચું મંતવ્ય આપીએ તોય એના લીધે કંઈ પેલો કે પેલી લગ્ન તોડી નથી નાખવાના. હા, એટલું જરૂર થશે કે આપણે

જીવનભર માટે એક દુશ્મન ઊભો કરી લઈશું. આવા વખતે આપણને આપણો અભિપ્રાય પૂછવામાં આવે તોય મૂંગા રહેવામાં અથવા તો ડિપ્લોમેટિક એટલે કે મોઘમ જવાબ તો આપી જ શકાય. જેમ કે, આમાં મને શું પૂછવાનું? રાજાને ગમી તે રાણી એવું કહી શકાય. હા, સિવાય કે આપણને ખબર હોય કે આ ભાઈ જેમને પરણી લાવ્યા છે એ તો દાઉદની દીકરી છે કે છોટા રાજનની ભાણેજ છે!

હું તો જે હોય એ મોઢામોઢ કહી દઉં કોઈની સાડીબારી ન રાખું એવું કહીને પોરસાતાં લોકો ખરેખર તો પોતાના જ સૌથી મોટા દુશ્મન હોય છે. કારણ વિના કોઈનાય મન પર ઉઝરડો કે ફોર ઘેટ મેટર ઊંડો જખમ કરી નાખતા આ લોકો પોતે ભલે પોતાને સત્યવાદી હરિશ્ચંદ્ર કે નિખાલસતાનું સર્ટિફિકેટ આપી દેતા હોય પણ એનાથી સૌથી પહેલાં તેઓ પોતાનું અને બીજાઓનું પણ નુકસાન કરી લેતા હોય છે.

આ સુભાષિત નાનપણમાં ભણવામાં આવ્યું હતું એ આજે પણ એટલું જ સાચું લાગે છે:

કાણાને કાણો કહીએ કડવું લાગે વેણ
ધીમે રહીને પૂછીએ શાને ખોયા નેણ?

કેટલાક સત્યો કાયમ કડવા જ રહેવાના એ ખરું પણ એને વધુ ધારદાર કે બદબૂદાર કરીને મૂકવા એ સત્ય ઉચ્ચારનારની વિકૃતિ જ હોય છે. કોઈ માણસ લિવર સોરાઈસિસથી હોસ્પિટલના બિછાને જીવનમરણ વચ્ચે ઝોલાં ખાઈ રહ્યો હોય ત્યારે તેના ટીનએજર દીકરાને તારો બાપ રોજ સાંજે બાટલી લઈને બેસતો ત્યારે કેટલીવાર સમજાવ્યો હતો. તારો બાપ તો તદ્દન બેજવાબદાર માણસ છે વગેરે વગેરે તમને લાગતા સત્ય તે બિચારા છોકરાને સંભળાવીને શું કાંદા કાઢી લેવાના હોય? તે માણસ દારૂ પીતો હતો એ સત્ય હોય, આપણે તેને અનેકવાર સમજાવ્યો હોય એમાંય તથ્ય હોય તો પણ એ સમય અને સંજોગોમાં આ બધા સત્યો ઉચ્ચારીને પરિવારજનોના ઉતરાડાઈ ગયેલા મન પર મીઠું નહીં પણ એસિડ નાખવાનું કોઈ કારણ ખરું?

ઘણા લોકો મોકો મળે એટલે સીધા વ્યાસપીઠ પર બેસી જઈને, માઈક હાથમાં લઈને મચી પડતા હોય છે. કોઈને ત્યાં મરણ થયું હોય ત્યારે આ મહારથીઓ જીવનના સનાતન સત્યો ઉચ્ચારવા ધસી જતા હોય છે. 'જેનો જન્મ થયો છે એનું મૃત્યુ તો નિશ્ચિત છે.' જેવા સત્યોનો મારો મરનારના પરિવાર પર ચલાવતા હોય છે. આમાં મરનારના પરિવારને આશ્વાસન આપવાનો દેખાડો હોવા છતાં હકીકત તો એ છે કે તેઓ પોતે કેટલા જ્ઞાની અને આધ્યાત્મિક છે એવું પૂરવાર કરવા માગતા હોય છે. તેઓ જે ભરડી રહ્યા હોય છે એ સત્ય હોય તો પણ એ ઉચ્ચારવા માટેની તેમની હેસિયત કે સ્તર હોતા નથી પણ ક્યાંકથી વાંચેલું અને સાંભળેલું તેઓ વમન જ કરતા હોય છે.

આ જ સત્ય જ્યારે કોઈ સંત કે સિદ્ધ અથવા આત્મજ્ઞાની ઉચ્ચારે ત્યારે એ સત્ય મરનારના પિડીત સ્વજનો માટે ઠંડા લેપ જેવું કામ કરે છે. સત્ય તો એ જ છે પણ કોણ, ક્યારે, કેવી રીતે અને કેવા ભાવથી કહે છે એનું પણ એટલુ જ મહત્વ છે.

બુદ્ધ પાસે જ્યારે પેલી સ્ત્રી જેનું બાળક મૃત્યુ પામ્યું હતું તે આવી ત્યારે બુદ્ધ આપણા બધા કરતાં સારું પ્રવચન તેને આપી શક્યા હોત અને કહી શક્યા હોત કે જીવન તો ક્ષણભંગુર છે, દેહ અનિત્ય છે વગેરે વગેરે. આ બધું સત્ય બુદ્ધે ફક્ત સાંભળ્યું નહીં પ્રાપ્ત કર્યું હતું એમ છતા તેમણે એ પુત્રના મૃત્યુથી વિહ્વળ થયેલી સ્ત્રી સામે એ બધુ પ્રવચન કરવાને બદલે તેને એવા ઘરમાંથી રાઈના દાણા લઈ આવ જેના ઘરમાં કોઈ મૃત્યુ ન થયું હોય એમ કહીને મોકલી હતી. એ આખી પ્રક્રિયામાં તે સ્ત્રીને એ સત્ય સમજાઈ ગયું કે મૃત્યુ એ જીવનનું અટળ સત્ય છે.

મારા મનગમતા લેખક ચંદ્રકાંત બક્ષીની નવલકથા એકલતાના કિનારામાં નવલકથાના નાયકના મોંમાં તેમણે મૂકેલા શબ્દો છે, મારાથી સત્ય બોલાતું નથી કારણ કે મારે દુનિયાભરથી દોસ્તી રાખવી છે.અને દોસ્તી બગાડવા માટે, દુશ્મની વહોરવા માટે સત્યથી વધુ અકસીર એકપણ સાધન નથી. મારી દુનિયામાં સત્ય કરતા દોસ્તી વધુ જરૂરી છે.

અલબત્ત, દોસ્તો સામે સત્ય ઉચ્ચારવું પણ જોઈએ એ ય હકીકત હોવા છતાં એનું પ્રમાણભાન અને એની રીતે પણ એટલી જ મહત્ત્વની છે. કોઈ દોસ્ત સલાહ લેવા આવે કે હું અમુક કંપનીના શેરમાં ઇન્વેસ્ટ કરું કે નહીં ત્યારે જો એના વિશે સમજણ કે જાણકારી હોય તો તેને હા કે ના પાડવી જોઈએ એ પણ એટલું જ જરૂરી છે. કોઈપણ વ્યક્તિ કોઈ નિર્ણય લેતા પહેલા આપણો અભિપ્રાય પૂછે ત્યારે ફક્ત તેને સારું લગાડવાના આશયથી જ અભિપ્રાય આપવો એ તો મિત્રદ્રોહ કહેવાય. આવા સમયે તેને અપેક્ષિત ન હોય અથવા તેને ન ગમે એવો હોય એવો અભિપ્રાય પણ ચોક્કસપણે આપવો જ જોઈએ. એનાથી કદાચ થોડા વખત માટે તે દુશ્મન બની જાય એવું પણ બને,પણ શક્ય છે કે થોડા વખત પછી તેને સમજાય કે એ સલાહ સાચી હતી.

જે ડોક્ટરની વાત શરૂઆતમાં કરી હતી તે ડોક્ટરે બાયોપ્સીનો રિપોર્ટ આવ્યા પહેલા જ પેશન્ટને હાર્ટ અટેક આવી જાય એ રીતે સત્ય જણાવવાને બદલે થોડી રાહ જોઈ હોત અને જો ખરેખર રિપોર્ટમાં એવું કોઈ નિદાન આવ્યું હોત અને શાંતિથી, સમજાવીને પરિસ્થિતિનો અંદાજ આપ્યો હોત તો ય હકીકત એ જ રહેત પણ એ પરિવાર સત્યને સ્વીકારવા માટે સજ્જ હોત. તેમને લાગતો આઘાત તેઓ જીરવી શક્યા હોત.

સાચું બોલવું જોઈએ, સત્ય ઉચ્ચારવું જોઈએ એ નિશ્ચિતપણે સત્ય હોવા છતાં સત્ય કેમ, ક્યારે, કેવી રીતે, ક્યા સંજોગોમાં અને કેટલું તેમ જ કેવા શબ્દોમાં કહેવું એનું પ્રમાણભાન, વિવેક પણ એટલા જ જરૂરી છે!

# વાવાઝોડું

અનિલ ખારેચા



મારા મિત્ર ગીધાના માથાં પર પટ્ટીબાંધેલી જોઇને મે પુછ્યુ કયાંક વાવાઝોડાની હડફેટેતો નથી આવી ગયોને ? તે કહે ભાઇ તોક્તે અને યાસ જેવા વાવાઝોડા બે ચાર દિવસ રમણ ભમણ કરે ને જતા રહે, તેની તો આગાહી પણ હોય પણ આ સંસાર સાગરમાં કયારે વાવાઝોડું ઉપડે ઇ નકકી નહી ! મે કહ્યું પણ શુ થયુ તે તો કહે ?તે કહે સામે દોશીભાઇ તેની પત્ની સાથે ઝગડો કરી રહ્યા હતા ત્યાં મારી પત્ની સવિતા કહે તમે જાવને તેના ઘરે? મે કહ્યું કાલ તેના ઘરેગયેલો તેનુજ આ વાવાઝોડું છે પછી તો ખબર પડી ગઈકે હવે નજીક માંજ છે વાવાઝોડું ..પછીતો દોશીભાઇને ત્યાંથી મારા ઘરે તે પહોંચી ગયુ તે ખ્યાલજ ન રહ્યો. પણ બહુ નથી લાગ્યુ સ્પીડ ઓછી હતીને ! પછી તેને શાંત પાડતાં મે કહ્યું એતો ઠીક પણ આ ચારેય આંગળીઓમા વીંટીઓ છે તે શુ ભાભીએ ભેટ આપી કે ઝગડા પછી તને મનાવવા ? તે કહે એ ભાઈ વીંટીઓ ગ્રહોની છે એ વાવાઝોડાને શાંત કરવા કાલે જ કરાવી છે !

ઈડિયટની અટારીએથી

ખરેખર આ લોકડાઉનમાં ઘણા લોકોએ એક બીજા ના ઘરના વાવાઝોડા ની મજા લીધી હશે તો કોઈ નસીબદારે તો હળવુ મહેસૂસ પણ કર્યુ હશે ! કારણકે સતત પેરેન્ટ્સ, બાળકો, વૃધ્ધો બધા ઘરમાજ હોય પછી શુ થાય.. સમુદ્રમાં લો પ્રેસર ઉત્પન થાય એટલે વાવાઝોડું આવે પણ ઘરમાં તો કોઈનુ હાઇ પ્રેસર જોઇને સમજવુ કે એ.. આવ્યું વાવાઝોડું ! સ્કૂલમાં રજા છતાંય ફી માટે ફોન આવે ત્યારે ઘણા વાલીઓ ફોન પર વાવાઝોડાનો અહેસાસ પ્રિન્સિપાલને કરાવે તો પતિ પત્ની મા ટીવી ચેનલો બદલતી વખતે હળવુ વાવાઝોડું આવે પણ મન પસંદ ચેનલ કરતા અંતે દિશા બદલી નાખે ખરૂ !

કયારેક પતિ પત્ની ની દલીલનુ વાવાઝોડું ફંટાઇને વડીલો અને સ્વસુર પક્ષ સુધી પહોચે પણ પછી કોઈ પિડીત પતિની માફીના સમંદર મા સમાઇ જાય! તે દરમિયાન થયેલ નુકસાનીમાં પત્નીના નારાજ ચહેરા પર હવાઇ સફરની જેમ નજર ફેરવી રાહત પેકેજરૂપે પતિએ પણ મુખ્યમંત્રીની માફક પાછી કોઈ ભેટ કે ટુર આપવી પડે ! છતાંય જેમ સરકાર સામે પિડીતો તો અસંતુષ્ટ જ રહે કે ઓછી રાહતો આપી તેવુ જ ઘરમાંય થાય ! વાવાઝોડા પછી જેમ રાહત બચાવ ટુકડીઓ સાફ સફાઈ કરે તેમ ઘરમાં આવેલ વાવાઝોડા બાદ બિચારા બાળકો છુટેલી તપેલીઓ ને ફુટેલા ગોરા ઉપાડતાં હોય ત્યારે એમજ લાગે કે કોઈ એનજીઓ વાળા સહાય કરી રહ્યા છે.! પછી તો જેમ જે પોસતુ તે મારતુ.. એ રીતે પત્ની પણ ઘાવ પર પાટાપીંડી કરે ત્યારે સ્યોર થાયકે હવે વાવાઝોડું સંપૂર્ણ જતુ રહ્યુ છે. તો ઘણા ખણખોદીયા પડોશીઓ પણ ખાનાખરાબી કેટલી થઈ છે તે બારીઓ માથી જોવે પછી મ્હો બગાડી બબડે બહુ નો જામ્યુ ટકરાયને ફંટાઇ ગયુ !

જેમ વાવાઝોડા અમુક ખાસ દેશોમાં રોજેરોજ જોવા મળે તેમ આપણા દેશમાં પણ રાજકીય ક્ષેત્રે આરોપ પ્રતિ આરોપના વાવાઝોડા ચાલ્યાજ કરે કોઇ દિવસ બંધ ન થાય! વેકસીન, બેડ, ઓકસીજનની બધડાટીઓ તો કયાંક બટાટા માથી સોનુ ને દીદી..ઓ..દીદી. તેમાય અધુરામા પુરૂ કર્યુ બાબા રામદેવે ને ફરી એલોપેથી ને આયુર્વેદ ની ચર્ચાઓનુ વાવાઝોડું સોશ્યલ મિડીયા સુધી ફંટાઇ ગયુ ! પણ હવે લોકો પણ આવા કોઈ મુદ્દે સીરીયસ થઈ ગુસ્સે થવાને બદલે એન્જોય કરવા લાગ્યા છે. મિત્રો આ લોકડાઉનની પોઝીટીવ ઈફેક્ટ જ ગણાયને ?

# સરખામણી

**કોમલ એ. ખારેચા**



દરેક માણસના મનમાં ઘર કરી ગયેલી માનસિકતા જે જીવનપર્યંત રહે છે એ છે ''સરખામણી''. કયારેક જાણી જોઈ ને તો કયારેક અનાયાસે દરેક માણસ પોતાની સરખામણી બીજી વ્યકિત સાથે કરે છે અને તમને નથી લાગતુ કે અહીં થી જ દુ:ખ નો જન્મ થાય છે ? અને માણસ પોતાના જીવનનો અમૂલ્ય સમય આ તુચ્છ સરખામણી માં વેડફી નાખે છે જેમકે અમુક પત્ની એવી સરખામણી કરીને દુ:ખી થતી હોય છે કે પેલી નો પતિ તેને સિંગાપોર ફરવા લઈ ગયો અને મારા પતિ ફક્ત ગોવા જ લઈ ગયા. આમ નાહકની સરખામણીના લીધે ગોવા જવાના આનંદ કરતા સિંગાપોર ન જઈ શકવાનુ દુ:ખ વધી જાય છે. પોતાનુ હોશિયાર બાળક જે મહેનત અને રાત ઉજાગરા કરી તેમજ મોજશોખનો ત્યાગ કરી ને ૮૮% લાવે છે ત્યારે માતા પિતા પોતાના બાળકની સરખામણી પાડોશીનુ બાળક કે જે ૯૦% લાવ્યુ છે તેની સાથે કરીને દુખી થાય છે. એવી રીતે આવી બીજી અસંખ્ય સરખામણી કરી ને માણસ દુખી થતો હોય છે જેમકે અમુક સાસુ પોતાની વહુની સરખામણી બીજા ની વહુ સાથે કરીને કુટુંબની શાંતિ ને ખલેલ પહોંચાડે છે. તો અમુક વહુ સરખામણી કરતી હોય છે કે મારાં સાસુ કરતા તો પેલીની સાસુ તો વધારે સારું વર્તન કરે છે. આજના યુવાનોને જે રીતે સોશિયલ મીડિયાનો ખુમાર ચડેલો છે તેના લીધે સરખામણીનુ પ્રમાણ વધતું જાય છે. એકબીજાને કેટલી લાઇકસ મળે છે તેની સરખામણી મા પોતાનો કિમતી સમય પસાર કરે છે.

**કલર્સ ઓફ લાઇફ**

જિંદગીમાં જો સુખી થવું હોય તો માણસે સરખામણી છોડવી પડશે કેમકે ભગવાને દરેક માણસને અલગ અલગ ફ્લેવર સાથે બનાવી ને મોકલેલા છે. એક જ માંના બે સંતાન હોય તો પણ બંનેની પરિસ્થિતિ સમાન નથી હોતી. કારણ કે દરેક વ્યક્તિનો સ્ટાર્ટિંગ પોઇન્ટ અલગ હોય છે, દરેક વ્યક્તિને મળતુ પ્લેટફોર્મ અલગ હોય છે તેથી સરખામણી કદાપિ થવી જ ના જોઈએ. શું મોગરાના ફૂલને ગુલાબની સુંદરતા જોય ને દુખી થવું જોઈએ? ના... કેમકે મોગરાની પણ પોતાની એક આગાવી ઓળખ છે એવી જ રીતે દરેક માણસની પરિસ્થિતિની પણ એક સુંદરતા હોય છે. જગતનો નિયમ છે કે માણસ હંમેશા પોતાના થી ઊંચી પરિસ્થિતિ વાળા લોકો સાથે પોતાની સરખામણી કરીને કુદરતને કે નસીબને દોષ આપે છે પરંતુ જ્યારે માણસ પોતાના થી નીચી પરિસ્થિતિ વાળા લોકો સાથે સરખામણી કરશે ત્યારે તેને સુખનો અહેસાસ થશે. લાઇન મા ઉભેલા દરેક વ્યક્તિ હંમેશા પોતાની આગળ કેટલા લોકો છે એ જ જોવે છે પણ માણસ એ નથી વિચારતો કે પોતાની પાછળ કેટલા માણસો છે લાઇનમાં ! આનો મતલબ એ નથી કે પ્રગતિના કરવી પણ આ દેખાદેખીની ભાવનાને અવગણીને પોતાના ક્ષેત્રમાં શ્રેષ્ઠ બનવા પ્રયત્ન કરવાં જોઈએ. કેમકે સફળતા ની કોઈ પરિભાષા જ નથી એ અનંત છે .

એ વ્યક્તિ જે તમારા થી ઉંચા સ્થાને છે અને તમે એ સ્થાન ને મહા પ્રયત્નથી પહોંચી જશો ત્યારે શું એ વ્યક્તિ એ જ સ્થાને હશે ? ના.. કેમકે જેમ તમને અસંતોષ હતો તેવી જ રીતે તે વ્યક્તિ પણ હતો અને તે પોતાનાથી ઉંચા સ્થાને વયો ગયો. તો શું એ સફળ ગણાય? ના કેમકે જે તમારી મનસ્થિતિ હતી એ જ મનસ્થિતિ તમારા થી ઉપર ના સ્થાન વાળાની હતી, એ પણ સરખામણી કરીને અસંતોષ અનુભવતો હતો. તેથી આપણે જે સ્થાને છીએ તેનો સંતોષ માનવો જોઈએ કારણ કે તે સ્થાને આવવાં માટે અત્યારે કેટલાય લોકો પ્રયત્નશીલ હશે. કેમકે એની નજરમાં તમે સુખી છો પરંતુ હકીકતમાં તો તમે તમારાથી ઉપરના સ્થાન વાળા વ્યક્તિ સાથે સરખામણી કરી ને દુ:ખી જ છો. નાહકની સરખામણી કરી ને, પોતાની જાતને અને તમને મળેલી સુંદર પરિસ્થિતિને દુ:ખ મા પલટાવશો નહીં. ખુશ રહો, મસ્ત રહો.

# કોરોનાથી બેહાલ, આર્થિક ઝંઝાવાતના શિકાર, રોજમદાર, વંચિતો અને સીમાંતો

**શાંતિભાઈ આર. ખોડદિયા**

આ શૈતાની અને રાક્ષસી મહામારીથી અગણિત ઘર તુટ્યા સંસાર ડુબ્યા. આબાલ વૃધ્ધ સૌ આ પ્રકોપમાં હોમાયા જ્યા જ્યા આ સંકટ આવ્યું છે. ત્યાં સૌના હૃદય રડે છે. ચિત્કાર અને આક્રંદ સૌના દિલ વલોવી નાખે છે. ક્ષમાવાન તારણહાર ઈશ્વર આટલો ક્રોધિત અને આક્રોશી કેમ ? આનો પ્રત્યુત્તર કોઈની પાસે નથી.



આ કારુણ્યભરી સ્થિતિમાં દાઝ્યા પર ડામ અને પડ્યા પર પાટું જેવી દયનીય સ્થિતિ રોજમદાર, વંચિતો, સિમાંતો અને દરિદ્રોની છે. આ વર્ગને આર્થિક શાપના કારણે જીવનનિર્વાહનો અતિ કઠિન પ્રશ્ન થઈ પડેલ છે. જિદંગીથી ત્રાહિમામ તેઓ પોકારી ગયો છે. ગુંગળામણ અને અકળામણ એટલી ટોચે છે કે મરવાના વાંકે જીવી રહ્યા છે. ગત ફેબ્રુઆરી-૨૦થી આ મહામારીએ સંક્રમણની ભયાવહ અસર ચાલુ કરી દીધી હતી. ગતિ ઉગ્ર અને તીવ્ર બનતી ગઈ અને આ સંક્રમણ રોકવા તેને માત આપવા શાસનને લોકડાઉન, કરફ્યુ અને અનેક પ્રતિબંબિત પગલા લેવાની ફરજ પડી છે. જેના ફળસ્વરૂપે પરિણામરૂપે મોટાભાગના ઉદ્યોગો બંધ થયા, આવશ્યક વસ્તુ સિવાયના વેપારને માઠી અસર પહોંચી, પરિવહન ક્ષેત્ર, હોટલ વ્યવસાય, મનોરંજન જગત આ સર્વે મૃતઃપ્રાય સ્થિતિમાં છે. ઉત્સવોની પાબંદીને કારણે આનુસાંગિંક રોજગાર શૂન્ય થઈ ગયેલ છે. આવા સંજોગોમાં રોજનું લાવી રોજ ખાનારાની હાલત એકદમ પ્રતિકુળ અને સંવેદનશીલ યાચક અને ભિક્ષુકથી પણ બદતર દેખાય છે. પુરુષાર્થ અને પરસેવો પાડી આર્થિક ઉપાર્જન કરવું છે. પણ આ તકની ઉપલબ્ધિ નથી. જયારે આવા બદનસીબો-કમભાગીઓ મળે. ત્યારે તેમની વિકટ દાસ્તાન હૈયું હચમચાવી દે છે. તેમના આક્રંદભર્યા અશ્રુભીની આંખે નિસાસાનો ધોધ હોય છે. ''અમારે તો ઉપર આકાશ અને નીચે ધરતી, -ધણી આપે તો પેટનો ખાડો પુરાય. બાકી સળગતા જઠરાગ્નિએ સુઈ જવાનું ઉપરવાળો કંઈક ચમત્કાર કરે-ક્ષમાવાન થાય તો સારુ'' આ દર્દયુક્ત વાણી સાંભળી શ્વાસ થંભી જાય છે કોરોનાના આ કાળા રંગે મજદુર, રોજમદાર, અને નીચલા મધ્યમ વર્ગને. જીવતા-જીવત આ ધરાતલ પર નર્કના દર્શન કરાવી દીધા. હવે તો ઈશ્વરની કૃપા વર્ષે અને તેની મહેર થાય એવી સમૂહ-પ્રાર્થના કરીએ જેથી આ વંચિત, સીમાંત, રોજમદાર તથા મજદુરી પર નિર્વાહ કરતો સમુદાય પેટ્યું રળી શકે અને હતાશા અને નિરાશામાંથી મુક્ત થાય-અંતમાં પ્રાર્થીયે-''હે ઈશ્વર અમારી ભૂલ હોય તો અમને છોરુકછોરુ સમજી માફ કરી દે-તુ જ માવતર છો, તું જ અમારો સર્જક, પાલનહાર અને તારણહાર છો-મહેર કર, ક્ષમાશીલ થા અને આ દાનવી કોરોનાને ભસ્મીભૂત કર, હે !! જગતનિયંતા !!''

## વિશ્વકર્મા વિશ્વ

### આગામી અંક જુલાઈ-ઓગસ્ટ સંયુકત અંક

**કોરોનાની પ્રવર્તતી વર્તમાન પરિસ્થિતિના અનુસંધાન આરએનઆઈ અને પોસ્ટ ખાતાએ જાહેર કરેલી ગાઈડલાઈનના અનુસંધાને આગામી અંક જુલાઈ અને ઓગસ્ટના સંયુકત અંક તરીકે પ્રસિદ્ધ થશે. જેની વાંચકોએ નોંધ લેવી.**

# ભેટ-અભેટ

નટવર આહલપરા

નમસ્તે, આવેગ બોલું છું. આપ કોણ ? બોલ શું ખર છે ? ફોન પર ચિંતુનું નામ સાંભળતા જ આવેગ નાચી ઉઠયો. તે ચિંતુના ભૂતકાળમાં ડૂબી ગયો. આવેગ અને ચિંતુ બી.એ. સુધી સાથે ભણ્યાં હતાં. ચિંતુ એવીને એવી જ હશે ? શાળાની બોલી પરથી કુદકા મારતી ચિંતુ મને ભૂલી તો નહિ ગઇ હોય ને ? આમ તો આવેગ અને ચિંતુ લગ્ન કરી શકતા હતાં પણ, તેમના મા-બાપ સામે કોઇ આંગળી ચીંધે એવું તેમને કરવું નહોતું. આવેગ સુતાર જ્ઞાતિનો યુવક અને ચિંતુ હતી બ્રાહ્મણ જ્ઞાતિની. એ બંને ધારે તો ભાગીને લગ્ન કરી શકે. જો કે એવું એમણે કલ્પનામાં પણ વિચાર્યું ન હતું.

સંસ્કારને અસંસ્કારનું આવરણ ઓઢાડયા વિના જિંદગી પસાર કરવી. એવું ચિંતુએ આવેગે નક્કી કર્યું હતું. ચિંતુ હંમેશા આવેગને કહયા કરતી. 'લગ્ન કરીએ તો જ પ્રેમ વ્યકત થાય એવું કોણે કહયું ? જિંદગીભર એક સનિષ્ઠ મિત્ર તરીકે રહીશું.' ને પછી આવેગના લગન ચૈતાલી નામની એક યુવતી સાથે થયાં. થોડા સમય પછી ચિંતુ પણ પરણી ગઇ. આવેગના લગ્ન થયા બાદ બે વર્ષે ચિંતુ અને આવેગ મળશે. આવેગ હજુ ચિંતુ વિશે વિચારે છે. ત્યાં તો ચિંતુ આવેગના ઘેર આવે છે. હવે એ ખૂબ જ ગંભીર દેખાતી હતી. એના ચહેરા પરની નિર્દોષતાની જગ્યાએ હવે પીઢતા આવી ગઇ હતી. ઘડીભર આવેગ અને ચિંતુ એકમેકને સામે જ જોઇ રહયાં. બંનેની આંખોએ જયાં સુધી જોઇ શકાય ત્યાં સુધી જોયા જ કર્યું. ચિંતુએ થોડી હિંમત કરીને પૂછયું :

'તારી તબિયત સારી છે ને આવેગ ?'

'હા, પણ તું કેમ દુબળી થઇ ગઇ ?'

'આવેગ, ઇશ્વરના દર્શન માટે આંખ બંધ કરવા છતાં પણ દર્શન થતા નથી, ઇશ્વર અને પ્રેમી બંને સરખા.' આવેગની સામે ભૂતકાળ સળવળતા લાગ્યો.

'ચિંતુ, જયાં નજર નથી, ત્યાં આવરણ નથી. ઘરમાં નથી આવવું ? આમ બહાર જ ઉભી રહીશ ?'

'એક વખત ઘરમાં આવવા માટે ખૂ જ સ્વપ્નાઓ સેવ્યાં હતા, આવેગ.'

'ચિંતુ, વળી પાછળી સ્વપ્નાઓની વાત કરી ? એ વાત ન કર સ્વપ્નાઓએ તો મને કોરી નાખ્યો છે.'

'શું થાય આવેગ, કેટલાંક લોકો દર્પણની માફક હસીને જીવતા હોય છે, તો કોઇ જીવવા ખાતર જીવતા હોય છે.'

'એટલે ? આપણા સંબંધની ઝંખનામાં ઝાંઝવા રેતની વચ્ચે ઢોળયા જ કરશે ?'

'સારું છે આવેગ કે આપણા સંબંધ નામના નથીને, કોઇએ ગળે ઘંટડી નથી બાંધી, નહિ તો રોજ ઘંટડીઓમાં ભરાઇને આવતો સાંજનો સમય આપણને બેઉને વિહવળ બનાવ્યા કરત' ચિંતુ ચહેરો ગંભીર થઇ ગયો.

'ચિંતુ, તારી આકૃતિ આજ સુધી મારી આંખમાં ગુપચુપ તરવર્યા કરે છે, એનું શું ?

'તારી જેમ મારું છે આવેગ ! રોજ ચોરપગલે ઇચ્છાઓનું જંગલ મારા હૃદયમાં પાંગર્યા કરે છે. એક દિની વાત છે કે, સિતાંશુ ઓફિસેથી આવ્યો ન હતો. હું ઘરમાં સાવ એકલી, એકાએક તારી યાદ મારી આંખોમાં આંસુ બનીને વહેવા લાગી, મને ભાન ન રહયું. હું અવાક સ્થિતિમાં બેઠી હતી. ત્યાં તો તેને કારણે પવનની લહેરખી આવીને સિતાંશુની પ્રતિમા ટેબલ પરથી નીચે પડી. કાચના ટુકડા થયાં. હું સભાન થઇ. તુટેલા કાચ વીણતી હતી ત્યાં જ સિતાંશુ આવ્યો, મારા કાળજે ઠંડક થઇ. હું તો...'

'ચિંતુ, પ્રણયની દીવાલ રબરની થોડી છે કે જેને બ્લેડ વડે કાપી શકાય ?'

'આવેગ, મેં તને પ્રેમ એટલા માટે નો'તો કર્યો કે તું મારા વિરહમાં ને વિરહમાં તારા હોઠ સુકવી દે. તારી આંખો ઉંડીને ઉંડી જતી જાય, તારું શરીર ખીણ વચ્ચે પડેલા કાળા નક્કર પથ્થર જેવું થઇ જાય. આમ કર્યા કરીશ તો ચૈતાલીનું શું થશે, આવેગ ?' અને 'ચૈતાલી કેમ નથી દેખાતી ?'

'એ પિયર ગઇ છે. આશ્લેષ થોડો બિમાર હતો. એટલે મેં એને કહયું કે, તારી મમ્મી પાસે જઇ આવને ? આપણા આશ્લેષને પણ ચેઇન્જ મળશે અને તને પણ.'

'મારી કીલુ પણ બહુ જ કજીયાળી છે. માંડ માંડ સૂતી, પછી હું અહીં આવી છું.'

આવેગ શહેરની પ્રતિષ્ઠિત મિલનો મેનેજર હતો. તેના ઘરમાં આવેલી લગ્નની અઢળક અવનવી ભેટોને જોઇ ચિંતુ દિગ્મૂઢ થઇ ગઇ. તેના ચિત્તમાં વિચારોના પ્રવાહ વહેવા લાગ્યો. આટલી સરસ ભેટની સામે મારી ભેટ આવેગને સાવ તુચ્છ લાગી હશે ? આવેગે મારી ભેટને બધાની ભેટ વચ્ચે કેમ નહીં રાખી હોય ? આવું વિચાર્યા પછી ચિંતુને થયું કે લાવને આવેગને પૂછું !?

'ચિંતું, શું વિચારમાં પડી ગઇ ?'

'કંઇ નહિં આવેગ'

'તું કંઇક છુપાવે છે ચિંતુ ?'

'હું... તો...' ચિંતુ વધુ ન બોલી શકી. 'આવેગ, તારા લગ્ન માટે મેં મોકલેલી ભેટ તને મળી ગઇ હતી. ?'

'હા ચિંતુ, તારો નાઇટ લેમ્પ મને મળી ગયો છે. પણ અફસોસની વાત તો એ છે કે, મારી પત્ની ખૂબજ શંકાશીલ હોવાથી તારી યાદની ભેટનો 'નાઇટ લેમ્પ' રોજ રાત્રે મારા હૃદયમાં પ્રકાશે છે.'

ચિંતુની આંખોના આંસુ છેક હસતા હોઠ સુધી આવી ગયાં.

# સુખની સારેગમ...!!

ડો. વિષ્ણુ પ્રજાપતિ

‘સર, સુખી કેવી રીતે થવાય અને આપણે સુખી છીએ એ કેવી રીતે ખબર પડે ?’ એક મારા વાચકનો આ પ્રશ્ન મને વધુ ગહન વિચાર તરફ દોરી ગયો.

જીવનમાં સુખી કેવી રીતે થવાય ? આ પ્રશ્નનો એક સીધી લીટીનો ક્યારેય જવાબ નહી મળે. દરેક ઉંમરે અને દરેક અવસ્થાએ સુખી થવાની રીત જુદી જુદી હોય છે. યાદ કરો કે બાળપણમાં આપણી ખુશી ક્યાં હતી ? નાની નાની રમતોમાં, સ્કૂલની ધિંગામસ્તીમાં કે પરિવારની સાથેના પ્રવાસમાં...! પછી મોટા થયા એટલે નાની નાની રમતો બકવાસ લાગી. કોલેજની કુમારાવસ્થાએ આપણી નિર્દોષ ધિંગામસ્તી છીનવી લીધી.. પરિવાર સાથે બેસવવાનો અણગમો થવા લાગ્યો...! પછી પૌઢ થયાં તો પૈસા... પરિવાર.... સામાજિક મોભો... આ બધુ આપણી ખુશીઓના સિમ્બોલ બનવા લાગ્યું. વૃધ્ધ થયા તો સારુ આરોગ્ય, પરિવારમાં સ્થાન અને કોઇક આપણી પાસે થોડીવાર બેસીને વાતો કરે તો બસ, એટલું જ સુખ બાકી વધ્યું...! અર્થાત સુખ ક્યારેય સ્થિર નથી. સુખી થવાના કે કાયમી સુખી રહેવાના ચોક્કસ માપદંડો દરેકને સરખી અસર કરતા નથી. સુખી થવાની ક્યાંય કેપ્સ્યુલો કે ઇંજેક્ષનો મળતા નથી. સુખની પરીભાષા દરેક વ્યક્તિ વ્યક્તિએ ભિન્ન હોય છે. જે વસ્તુ કે જે વ્યક્તિ સાથે તમે ખુશી મેળવી રહ્યા હોય તે વસ્તુ કે વ્યક્તિથી બીજો વ્યક્તિ દુઃખી પણ હોય છે.






હમણાં જ સોશિયલ મિડિયા પર એક વિડિયો વાયરલ થઇ હતી, જેમાં એક રોલ્સ રોયસ કારમાં બેઠેલો તેનો માલિક દુઃખી હતો અને પોતાના મોબાઇલમાં તેના મિત્રની એક પોસ્ટ જોઇને તેની બાજુમાં બેઠેલા વ્યક્તિને કહી રહ્યો હતો કે, ‘હાર્વી, તને ખબર છે ? આ મારો મિત્ર છે પોલ... તેને હમણાં જ પોતાનું એક પ્રાઇવેટ વિમાન ખરીદ્યું છે. કાસ, મારી કિસ્મત પણ એના જેવી હોત..!’

એ સમયે તેની બાજુમાં બેસેલા વ્યક્તિ હાર્વીએ જવાબ આપતા કહ્યું, ‘તમારી કિસ્મત ખરાબ નથી, સર...!’ પણ તે વ્યક્તિ સમજવા તૈયાર નથી એટલે તે કહે છે કે ‘તે જેટમાં જે ખુશી છે તે આ કારમાં ક્યાં છે ?’ તે અફસોસ કરી રહ્યો હતો.

એ સમયે એક વ્યક્તિ તેની કારના ગ્લાસને નોક કરીને કહે છે કે ‘ઓહ... સર આ નવી રોલ્સ રોયસ કાર છે ? આ કાર તો મારી ડ્રીમ કાર છે. જો આવી કાર મારી પાસે હોય તો મજા આવી જાય... મારી પાસે તો ખટારા કાર છે... તમે ખૂબ જ નસીબદાર છો.’ તે સમયે તે કારમાં બેસેલી વ્યક્તિને અલગ ખુશીનો અનુભવ થયો અને બાજુમાં બેસેલા વ્યક્તિને કહ્યું કે, ‘ હાર્વી, તું સાચુ કહી રહ્યો હતો કે મારી કિસ્મત ખરાબ નથી. આપણે આપણી પાસે જે છે તેમાં જ ખુશ રહેવું જોઇએ અને તેના માટે આભારી રહેવું જોઇએ.’

બહાર ઉભેલો માણસ જ્યારે તેની કાર પાસે ગયો ત્યારે તેને ઘણું દુઃખ થયું. તે પોતાની કારને ચીઢાયેલા મનથી લાત મારી રહ્યો હતો અને કહી રહ્યો હતો કે ‘ક્યાં મારી આ ખટારા કાર અને ક્યાં પેલી રોલ્સ રોયસ...!’ ત્યારે એક સ્ત્રી તેની પાસે આવી અને તેને નાખુશ ઉભેલો જોઇને કહ્યું, ‘તમે લકી છો કે તમારી પાસે કાર છે. મારી પાસે કાર પણ નથી. મારે બસમાં જવું પડે છે. કાસ.. મારી પાસે આવી કાર હોય તો..? ’ એ સ્ત્રીને સાંભળીને તે વ્યક્તિના ચહેરા પર ખુશી આવી જાય છે.

તે સ્ત્રી ત્યાંથી ભાગે છે પણ ત્યારે તે બસ ચુકી જાય છે

અને ગુસ્સે થઇ અને કહી રહી હતી કે, 'હે ભગવાન મારી પાસે એક કાર હોત તો કેટલું સારું..!' ત્યારે એક વ્યક્તિ સાયકલ ચલાવતો તેની પાસે આવ્યો અને તેને જોઇને તેને કહે છે, 'તમે તકલીફમાં છો ?' ત્યારે પેલી સ્ત્રી પોતાનું દુઃખ કહે છે. એ સમયે પેલો માણસ એમ કહે છે, 'તમે લકી છો કારણ કે તમારી પાસે બસની ટિકિટના પૈસા છે. મારી પાસે તો એ પણ નથી એટલે મારે દરરોજ બત્રીસ કિલોમીટર સાયકલ ચલાવવી પડે છે. કાસ... મારા નસીબમાં બસ હોય તો કેવું સારું...! પણ ખેર.. જે પાસે છે તેમાં જ ખુશ રહો.' એમ કહીને તે ચાલ્યો જાય છે. તે બસની રાહ જોઇને ઉભી રહેલી સ્ત્રીને ત્યારે એક અલગ જ ખુશીનો અહેસાસ થાય છે.

પેલો વ્યક્તિ પણ એક દિવસ સાયકલથી પરેશાન થઇ જાય છે અને સાયકલથી નફરત થવા લાગે છે. ત્યારે એક અપંગ સ્ત્રી તેને મળે છે અને કહે છે કે 'મારા કરતા તો તમે નસીબદાર છો કે તમારી પાસે પગ છે. તમે ચાલી શકો છો અને સાયકલ પણ ચલાવી શકો છો.' પેલા વ્યક્તિને ત્યારે પોતાની પાસે રહેલી ખુશીની પળોનો અહેસાસ થાય છે.

મતલબ એ છે કે દરેક વ્યક્તિએ પોતાની પાસે જે છે એમાં ખુશ રહેવું જોઇએ. સુખ દરેકનો સ્વતંત્ર અનુભવ છે. કોઇ વ્યક્તિ શેનાથી સુખી થઇ શકે એના ચોક્કસ પેરામીટર્સ શક્ય જ નથી. સુખ ત્રાજવાના તોલ પર પણ રાખી શકાય એમ નથી કે એક પલડાંમા ફલાણી વસ્તુ અને તેના બદલામાં આટલી ખુશી મળશે. જે વસ્તુ એક સમયે તમારું પરમ સુખ હતું તે ગમે ત્યારે દુઃખમાં પલ્ટાઇ પણ શકે છે. અરે, ખુશીઓના અતિરેકથી પણ દુઃખી થતા અનેક માણસો જોયા છે.

સુખી કેવી રીતે થવાય ? એ પ્રશ્નનો જવાબ એ જ મળે કે પોતાની પાસે રહેલી વસ્તુ કે વ્યક્તિમાં ખુશ રહેવાની આદત કેળવી લો. સુખ કે દુઃખ એ દરેક કર્મની ઉપજ છે અને તે કર્મના કર્તા તમે જ છો. કર્મથી સુખ ઉપજે કે દુઃખ તેના નિમિત્ત બીજાને બનાવવા કરતા પોતાને કેન્દ્રસ્થાને રાખીને ખુલ્લા મને પોતાનું અવલોકન કરો. પોતાના નાના નાના દુઃખોને જાતે જ શોધીને તેને દૂર કરતા રહો. એક સુંદર વાક્ય ધ્યાને આવ્યું હતું કે, 'પોતાના આંસુ જાતે લુંછતા શીખી જાવ. જો બીજા લોકો તમારા આંસુ લુછશે તો કોઇ સોદો જરૂર કરશે.' દરેક વ્યક્તિ પાસે પોતાના દુઃખ દબાવી દેવાની કબર અને સુખને રોપી દેવાનો સુંદર ક્યારો ભગવાને આપેલો જ છે. પણ આપણે રોજે રોજ આપણાં સુખના ક્યારામાં દુઃખોનું વાવેતર કરતા રહીએ છીએ અને પછી તેમાં સુખના ફળની આશાઓ રાખીને બેસીએ છીએ.

આપણે સુખી છીએ એની ખબર કેવી રીતે પડે ? આ પ્રશ્નનો જવાબ તો આપણને એક જ મળે કે આપણે આપણા સુખોની બીજા સાથે સરખામણી કરીએ એટલે ખબર પડી જાય. બીજા કરતા આપણી પાસે વધુ સમૃધ્ધિ તો આપણે સુખી...! જો કે આવી સરખામણીમાં રીસ્ક ફેક્ટર્સ ઘણાં બધા છે. એમાં જો એમ ખબર પડે કે આપણી પાસે તો તેના કરતા તો ઓછું છે તો જે હાજર છે એનુંયે સુખ ચાલ્યું જાય એટલે આપણે સુખી છીએ તેની કસોટી સરખામણીથી ક્યારેય ન કરો. બીજા કરતા વધુ ધનવાન કે બીજા કરતા બે કદમ આગળ છીએ એટલે સુખી છીએ એ માત્ર ભ્રમ છે અને એ ભ્રમ આપણી આગળ રહેલા લોકોને જોઇને ક્ષણવારમાં તૂટી જાય છે.

યાદ રાખો કે સુખ અનુભવ છે તેનું ક્યાંય ભૌતિક સ્વરુપ અસ્તિત્વમાં જ નથી એટલે તેને ક્યાંયથી પકડી નહી શકો. જે સુખને પકડવાની દોડમાં દોડ્યા કરે છે તે ક્યારેય સુખી થતો નથી. દરરોજ આપણને સુખ જ મળે એ પણ જરૂરી નથી. દુઃખોની વચ્ચે પણ સુખને શોધીને મજા કરી લેવી એનું નામ જ છે જિંદગી. કાયમ સુખી રહેવા માટે જરૂરી છે કે સુખની પાછળ દોડવાની આદત છોડી દો. જીવનના દરેક કાર્ય કરતા પહેલા તેનો એક ટેસ્ટ કરો. એ કાર્ય કરતા પહેલા ચકાસી લો કે,

શું તેના પરિણામે મારા મનને શાંતિ મળશે ?
શું તેનાથી મારી આંતરિક ઉર્જામાં વધારો થશે ?
શું તેનાથી મારા સિવાય અનેક લોકોનું પણ તેમાં હિત છે ?
શું તે કાર્ય કરવાથી મારી આવતીકાલ વધુ આનંદિત થશે ?'

શું તેનાથી મારી પ્રતિષ્ઠા, નિષ્ઠા કે પ્રામાણિકતાને હાની નથી પહોંચતી'ને ?

શું આ કાર્ય ફક્ત મારા અંગત સ્વાર્થ માટે તો નથી કરી રહ્યો'ને ?

આ દરેક પ્રશ્નનો આપણને અંદરથી ઉત્તમ જવાબ મળે અને પછી કર્મબંધનથી જોડાઇએ તો તે કર્મ જીવનને ક્યારેય દુઃખના બંધનમાં નથી નાખતું. સુખની પણ પોતાની એક સરગમ છે અને તેને રીધમને કહું તો,

સા - સારાપણું જાળવી રાખો. તેનાથી ક્યારેક દુઃખી થવાશે પણ સરવાળે તો સુખ જ સુખ મળશે.

રે - રજસ અને તમસ ગુણને આપણાં સત્વગુણ પર હાવી ન થવા દો.

ગ - ગુણીજનો સાથે સંવાદ કરતા રહો. નિષ્ફળતાના કે દુઃખના સમયે તેમનાથી પ્રેરણા મળશે.

મ - મહેનત કરીને સુખ મેળવવાની આદત રાખો. પરિશ્રમ વિનાનું સુખ શાંતી નથી આપતું.

પ - પરમપિતા પરમેશ્વરનો દરેક પરિસ્થિતિમાં આભાર માનતા રહો.

ધ - ધર્મનું પાલન કરતા રહો. ધર્મથી આધ્યાત્મિક ઉન્નતિ થાય છે.

નિ - નિઃસ્વાર્થ સેવા કરતા રહો.

# નરેન્દ્ર ધ્રાંગધરિયા : આમની કલાએ તો દેશ-વિદેશમાં પણ કામણ કર્યા છે



## જૈન દેરાસરો, બીએપીએસના સ્વામીનારાયણ મંદિરો સહિતના સ્થળોએ પેઈન્ટીંગ દ્વારા અદભુત સર્જન

● પ્રવીણ ગજ્જર



અમદાવાદના ચાંદખેડા વિસ્તારમાં રહેતા નરેન્દ્રભાઇ બચુભાઇ ધ્રાંગધરિયાએ એસએસસી સુધીનો જ અભ્યાસ કર્યો પરંતુ તેઓને નાનપણથી ચિત્રકલાનો શોખ હતો. વિશ્વકર્મા પ્રભુજીએ આપેલ કલાનો વારસો વધુને વધુ ઉજાગર કરવાની હોંશને કારણે તેઓએ આપ મેળે જ ચિત્રકલામાં આગળ વધવાનો અથાગ પરીશ્રમ કર્યો અને તેમનો આ પરિશ્રમ અત્યારે ભારે રંગ લાવ્યો છે. નરેન્દ્રભાઇની કલા-મંદિરોમાં દેરાસરોમાં, ગુરુદ્વારમાં સ્વામીનારાયણ મંદિરોમાં નીખરી ઉઠી છે.

નરેન્દ્રભાઇ શ્રીનાથજીના વિવિધ સ્વરૂપોનું આબેહુબ ચિત્રણ કરતા રહયા છે. સ્વામીનારાયણ મંદિરો, જૈન દેરાસરોમાં મહાતીર્થોનું તૈલથી અદભુત ચિત્રણ પણ તેઓ કરતા રહયા છે. નરેન્દ્રભાઇ દરેક ધર્મના કેનવાસ પેઈન્ટીંગ, એમ્બોઝ, મેટલ સોનાના વરખ, અમેરીકન ડાયમંડ દ્વારા અદભુત ચિત્રોનું સર્જન કરતા રહયા છે. વિસનગર પાસેના દર્પણ ગામના દેરાસરમાં પણ તેમની ચિત્રકલા નજરે પડે છે.


નાનપણથી જ ચિત્રકલાનો શોખ આજે તેનું મુખ્ય કામ બન્યું છે. જાણીતા પુસ્તકોના ધાર્મિક પુસ્તકોના ચિત્રો, વિષ્ણુપુરાણ, ગરૂડ પુરાણના ચિત્રોએ પણ સારી નામના મેળવી











છે. ધો. ૧ થી ૧૦ના પાઠયપુસ્તકોના ચિત્રો બનાવવાનું પણ કામ તેઓ સફળતાપૂર્વક કરી ચુકયા છે. તેમની કલા માત્ર ગુજરાત પુરતી મર્યાદિત નથી રહી. મધ્યપ્રદેશ-રાજસ્થાન, મહારાષ્ટ્ર જેવા રાજયોમાં તેમની કલા નીખરી ઉઠી છે.


લંડન-નૈરોબીમાં પણ અનેક જગ્યાએ નરેન્દ્રભાઇની કલાએ કામણ કર્યા છે. તો લગ્નપ્રસંગોએ ગામઠી ચિત્રણ પણ કરે છે. નવોદિત કલાકારોને તેઓ માર્ગદર્શન પણ આપતા રહયા છે.

લંડનથી પ્રસિદ્ધ થતા ગરવી ગુજરાત મેગેઝીન માટે પણ તેઓ કામ



કરી ચુકયા છે. દિવ્ય ભાસ્કરના પ્રારંભીક સમયે પણ નરેન્દ્રભાઇએ દિવ્ય ભાસ્કરમાં કામ કર્યુ હતું. છેલ્લા ૭ વર્ષથી તેઓ ઇન્ડીયન એકસપ્રેસ સાથે પણ જોડાયેલા છે. જો કે આ બધુ કામ માત્ર સાઇડમાં ચાલે છે. નરેન્દ્રભાઇનું મુખ્ય કામ ચિત્રકલા પેઇન્ટીંગ છે.

વિવિધ માધ્યમો દ્વારા પેઇન્ટીંગનું સર્જન કરી વિશ્વકર્મા પ્રભુજીએ આપેલ કલા-કારીગરી અને કૌશલ્યનો વારસો વધુને વધુ ઉજાગર થાય તેવી એકમાત્ર નેમ ધરાવતા નરેન્દ્રભાઇની કલાનો વ્યાપ દિનપ્રતિદિન વધે તેવી શુભેચ્છા...







# શિક્ષણમાં મોબાઇલનો રચનાત્મક ઉપયોગ

હસમુખ બોરાણિયા

કોરોનાનો કાળ....આ મહામારીના લીધે માનવ જીવન પ્રભાવિત થયું. જાણે દુનિયા થંભી ગઈ. દરેક ક્ષેત્રમાં અસર પડી. આમાં શિક્ષણ પણ કેમ બાકાત રહી શકે ? શાળાઓમાં તો માસૂમ ભૂલકાઓ અભ્યાસ કરતાં હોય વિશેષ કાળજી લેવી પડે. એટલે વર્ગ શિક્ષણ કાર્ય બંધ કરીને શાળાઓ દ્વારા, શિક્ષણખાતાની, સરકારશ્રીની ગાઈડ લાઈન મુજબ ઘેર બેઠાં શૈક્ષણિક કાર્ય ઓનલાઈન શરુ થયું.

જે બાળકોનાં હાથમાં મોબાઈલ આપવાનો વિરોધ થતો હતો. તેની સામે હવે બાળકોને બેસાડવા પડ્યાં. મોબાઇલના યુગમાં, ટેકનોલોજીના યુગમાં તેના સદુપયોગ કરતા દૂરુપયોગ વધ્યો છે. બિનજરૂરી વપરાશ વધ્યો છે. મોટેરાંઓ પણ મોબાઇલના વળગણથી દૂર રહી રહી શકતા નથી તો ત્યાં બાળકોની હેસિયત શું ? બ્રાયન ટ્રેસીનો આ વિચાર નોંધવા જેવો છે : ‘‘ટેકનોલોજી તમારો ઉત્તમ મિત્ર બની શકે છે ,પણ યોગ્ય રીતે ઉપયોગ ન કરવામાં આવે તો દુશ્મન સાબિત થઈ શકે છે.’’



જ્યારથી ઓનલાઈન શિક્ષણ માટે બાળકોને મોબાઇલ આપવામાં આવ્યો ત્યારથી ઘણાં કિસ્સા ધ્યાનમાં આવ્યા છે, કે બાળકો મોબાઈલમાં ન જોવાનું હોય તેવું જુએ છે. કુમળાં બાળમાનસ પર એની જલ્દી અસર પણ થાય છે. આ માટે વાલી તરીકે સૌની જવાબદારી છે. જાગૃત રહેવું પડે. સાથે શિક્ષકો જો સાચો રાહ ચીંધે તો કેવું સારું પરિણામ મળે એના અસંખ્ય ઉદાહરણ જોવા મળે છે. વાલીઓ પણ સર્જનાત્મક પ્રવૃત્તિઓ કરાવે તો, ઉત્સાહ બેવડાય છે. એકાદ - બે નબળા કિસ્સાથી હતાશ થવાની જરૂર નથી, સજાગતા જરૂરી છે.

હવે, શિક્ષણમાં મોબાઇલનો રચનાત્મક ઉપયોગ કેમ થાય ? આ વાત, આવા પ્રયોગો વિશે સાંભળીને આપણને લાગે, કે નિરાશ થવાની જરૂર નથી. શિક્ષણ માટે મોબાઇલ સારું માધ્યમ બની શકે, એ વાત ઘણા શિક્ષકોએ પોતાની દ્રષ્ટિથી કરી બતાવી છે. એકાદ - બે ઉદાહરણથી વાત કરીએ તો :

મારા એક શિક્ષક મિત્ર અખિલ દવેએ કરેલ પ્રયોગ - (શૈક્ષણિક ઉદ્દેશ : પર્યાવરણીય પરિવર્ત્યો પ્રત્યે અભિમુખતા ) આ બાબતે કરેલ પ્રયોગની વાત , અખિલના જ શબ્દોમાં :’ આજકાલ બધાંને ફરિયાદ છે કે બાળકો મોબાઈલમાં ગેમ રમ્યા કરે છે કે વીડિયો જોયાં કરે છે....એમાંય ઓનલાઈન શિક્ષણ છે તો બાળકોને મોબાઇલ સાથે કલાકો ગાળવાનો પરવાનો મળી ગયો.તો શું કરવું ? એને નવી ટેકનોલોજીનો રચનાત્મક ઉપયોગ કરતાં કરવાં જરૂરી છે. આ માટે અમે એક પ્રયોગ કર્યો. ધોરણ ૬ થી ૮ નાં બાળકોને એક પ્રવૃત્તિ આપી.તમારે તમારા મોબાઈલમાં તમને ગમતો એક ફોટો લેવાનો , જે સ્કૂલ ગ્રુપમાં અપલોડ કરવાનો. વિષય રાખ્યો : ‘કુદરત .’

આમેય કુદરત કે પ્રકૃતિ જ બેસ્ટ ટીચર છે. જો એને સમજીએ તો .એના પ્રત્યે બાળકોને સભાન કરવા પણ જરુરી છે.અમારા આશ્ચર્ય વચ્ચે અમને નવા - નવા દ્રષ્ટિકોણ અને અભિગમ સાથેના ફોટા મળવા લાગ્યા... અદ્દભુત !’

એક શિક્ષકની વાત અહીં પૂરી થાય છે. એમને શાળા સ્ટાફ , આચાર્યશ્રી અને બાળકોનો સહકાર મળ્યો. એમને ગ્રુપમાં મળેલા ફોટોઝની વિગત જોઈએ તો : બાળકોએ -ઢળતી સાંજ ,તળાવના પાણીમાં દેખાતો સૂર્ય, વગડાઉ વનસ્પતિ, ફૂલો,

વનસ્પતિની ડાળી વચ્ચે ડોકાતો સૂર્ય. આવા ફોટોઝ રજૂ કર્યા. આવા અદ્‌ભુત દ્રશ્યોનું સુંદર પરિણામ મળ્યું. સૌને અભિનંદન.

હવે એક ઉદાહરણ વાલી તરીકે અમે મોબાઇલનો રચનાત્મક ઉપયોગ કર્યો તેની વાત :

રીષિકા અને ત્રિશાને પૂંઠાના ચોક્કસ આકાર કાપીને આકાર બનાવવાની પ્રવૃતિ કરવાની હતી. અમે મોબાઈલમાં તાનગ્રામની રમત વિશે જાણ્યું. ઘરમાં હતાં તે રંગીન કાગળ, પૂંઠા, ગુંદર, કાતર બધું ભેગું કરીને તાનગ્રામની રમત બનાવી. જેમાં સાત ચોક્કસ આકાર કાપીને, અલગ - અલગ રીતે ગોઠવી, નવા - નવા આકાર બને, મોબાઈલમાંથી પણ અવનવા આકાર શોધી કાઢ્યા. બંને બહેનો આકાર બનાવવા માંડી. રીષિકા બોલી, 'મેં બિલાડી બનાવી , અરે ! આ સસલું તો જુઓ !' ત્રિશા બોલી , 'મેં માછલી બનાવી, આ ઘર તો જુઓ !' અવનવા આકાર બનાવ્યા અને મોબાઈલમાં ફોટા પણ પાડ્યા. રીષિકા અને ત્રિશાને મોજ પડી ગઇ. અરે ! બાળકો તો ઠીક , અમને પણ મજા પડી ગઈ !

આમ, મોબાઇલનો ઉપયોગ થઈ શકે. શિક્ષણમાં મોબાઇલ એક દ્રશ્ય - શ્રાવ્ય સાધન તરીકે સારું માધ્યમ પૂરવાર થઈ શકે.



બાળકોને કવિતા સાંભળવા, વાર્તા સાંભળવા, ચિત્રો દોરવા, ડિઝાઇન દોરવા, જોડકણાં, ઉખાણાં, ગણિત ગમ્મત, સામાન્ય જ્ઞાન, વિજ્ઞાન પ્રયોગ, ઐતિહાસિક સ્થળો, પશુ પક્ષીઓની માહિતી, આ બધું ચિત્રો અને વીડિયો દ્વારા બતાવી શકાય.

મોબાઈલ દ્વારા સંદર્ભ સાહિત્ય પણ સરસ રીતે ઉપલબ્ધ થઈ શકે.

વિચારો, એક મોબાઈલમાં કેટલો જ્ઞાનનો ભંડાર ભર્યો છે ! ફક્ત પ્રશ્ન તેના ઉપયોગનો છે. યાદ રહે, શિક્ષણમાં મોબાઈલ એક સારું સાધન છે. સાધ્ય નથી. કોઈપણ વસ્તુનો ઉપયોગ વિવેકબુદ્ધિથી થાય, રચનાત્મક ઉપયોગ થાય ; તો સારા પરિણામ મળે જ. બાકી દૂરુપયોગ થાય તો એ વસ્તુનો દોષ નથી. આપણી સમજનો અભાવ ગણાય. એક વિચારકનો વિચાર છે, કે દ્રષ્ટિ કેળવો, નજર તો કુદરતે બધાંને આપી છે.

# શાંતિ (લઘુકથા)

વહેલી સવારે ગામના ચોરે આવેલ પાણીના નળ પાસે સ્ત્રીઓ હાથમાં બેડાં, ડોલ, માટલાં લઈને પાણીની કાગડોળે રાહ જોઈ રહી હતી. ચર્ચાનો ખડકલો જામે એ પહેલાં જ નળમાંથી ગંગા વહેવાની શરૂ થઈ ગઈ!

''હું પહેલાં આવી એટલે પહેલો વારો મારો...'' - એક સ્ત્રી બોલી. જાણે આ શબ્દો નહોતા, ઝઘડાનાં બીજ હતાં! જોતજોતામાં પાણીપતનું યુદ્ધ શરૂ ! પછી તો કોણ હું ને કોણ તું...! બેડાં ને માટલાંય સામસામે...! શિવનું તાંડવ પણ ફિક્કું લાગે એવું વિકરાળ સ્વરૂપ! જે સ્ત્રીએ આગ ચાંપી હતી એ મોટેથી બૂમો પાડીને જાણે જીતવાનો પ્રયાસ કરતી હોય એમ ગૌરવપૂર્વક કહેતી હતીઃ ''ઝઘડો કરવામાં પાછી પડું તો મારું નામ 'શાંતિ' નહિ...!!''

- કેશવ સુથાર

# શ્રદ્ધાંજલી



**સ્વ. રમેશભાઈ**
**ઓધવજીભાઇ**
**અઘેરા (રાજકોટ)**

**સ્વ. ૧૬-૫-૨૦૨૧,**
**રવિવાર.**


ભગવાન આપના દિવ્ય આત્માને
શાંતિ અર્પે એ જ પ્રાર્થના...

લી.
**સસરા પક્ષ**
સ્વ. મુકતાબેન - લવજીભાઇ ભુરાભાઇ ધ્રાંગધરિયા
વૈશાલીબેન - નલીનભાઇ લવજીભાઇ ધ્રાંગધરિયા
વર્ષાબેન - જયંતીલાલ પરસોતમભાઇ નગેવાડિયા
મીનાબેન - મુકેશભાઇ મોહનભાઇ આમરણીયા
મીરા - અંકિત, હિરલ - આયુષિ, રીતુ - રોમન,

# આપણા સમાજમાં થતાં મૃત્યુની જાણકારી આપતું 'ગુર્જર સુથાર અવસાન નોંધ' વોટસએપ ગૃપ

જયંતીભાઇ નગેવાડિયા

ઘણા વડીલોને સવારમાં છાપું હાથમાં આવે એટલે સીધી અવસાન નોંધ વાંચવાની ટેવ હોય છે કે આપણા સમાજનું કોઇ સગું વ્હાલું કે પરિચિતનું અવસાન થયું છે કે કેમ ? છાપામાં આવતી અવસાન નોંધ લોકોને અવસાન પામનાર વ્યકિતનું બેસણું-ઉઠમણું ક્યારે છે તેની માહિતી મળે છે અને તે જાણી તેના સગા-સંબંધી બેસણામાં જઇ શકે છે.




હાલમાં મોબાઇલ અને તેમાં પણ વોટસએપ જેવી એપ્લીકેશનનો એક સારો ઉપયોગ કરવાનું રાજકોટના અમરશીભાઇ બકરાણિયાને આજથી ત્રણ વર્ષ પહેલા મન થયું અને તેમણે વોટસએપમાં 'ગુર્જર સુથાર અવસાન નોંધ' નામનું ગૃપ બનાવ્યું. જેમાં આપણા સમાજનાં કોઇ વ્યકિતનું અવસાન થાય તો તેના કુટુંબીજન અમરશીભાઇને તેના પર્સનલ નંબરનાં વોટસએપમાં ફોટા સહિતની અમરશીભાઇને ફોટા સહિતની વિગત મોકલાવે તો અમરશીભાઇ આ ગૃપમાં મુકે છે જેથી આપણા સમાજના લોકોને તેની જાણકારી મળે.




અમરશીભાઇ આ ગ્રુપ શરૂ કરવા અંગે કહે છે, આપણા સમાજનાં ઘણા લોકો પોતાના પરિવારમાં કોઇનું અવસાન થયું હોય તો તેની વિગત પોતે જે વોટસએપ ગ્રુપમાં હોય તે ગ્રુપમાં મુકતા જેથી જે લોકો તે ગ્રુપમાં હોય તેને જ જાણકારી મળતી તેથી મને વિચાર આવ્યો કે એક અવસાન નોંધનું વોટસએપ ગ્રુપ બનાવ્યું હોય તો આપણા સમાજના લોકો તેમાં જોડાય જેથી દરેકને આપણા સમાજમાં બનતા અવસાનની જાણકારી મળે. આમ તેમણે આ અવસાન નોંધ ગ્રુપની શરૂઆત કરી અને આપણા સમાજનાં લોકો જોડાતા ગયા અને એક પછી એક ગ્રુપ ફુલ થઇ જતાં આજે અવસાન નોંધ ગ્રુપનું ૨૯-૩૦મું ગ્રુપ શરૂ કરેલ છે. એક ગ્રુપમાં ૨૫૬ જેટલા મેમ્બર છે એટલે ૩૦ ગ્રુપમાં લગભગ કુલ ૭૧૫૦ ઉપરાંત સભ્યો જોડાયેલા દરેક ગ્રુપમાં એક સાથે એક સરખા જ મેસેજ મુકવામાં આવે છે અત્યાર સુધી બધા ગ્રુપમાં મિકસ સભ્યો હતાં. એટલે કે કોઇપણ ગામના લોકો કોઇપણ ગ્રુપમાં હોય. પરંતુ હાલમાં ગ્રુપમાં જીલ્લા વાઇઝ ગ્રુપનું વર્ગીકરણ કરેલ છે. જેમાં ૧ થી ૧૦ નંબરનાં ગ્રુપમાં દેવભુમી દ્વારકા, જામનગર તથા ખંભાળીયા જીલ્લા -ગામનાં સભ્યો. ૧૨ નંબર કચ્છ જીલ્લો, ૩૦ નંબર રાજકોટ-મોરબી જીલ્લો ગામના વસતી સભ્યો ૭ નંબરનું ગૃપ એનઆરઆરઇ ગ્રુપ બનાવ્યું જેમાં ઇંગ્લેન્ડ, અમેરિકા, આફ્રિકા, નાઇરોબી, દુબઇ વગેરે દેશના આપણા સમાજના લોકો જોડાયેલા છે.

અમરશીભાઇ કહે છે, પહેલા લગભગ દરરોજ ૫ થી ૭ અવસાન નોંધ આવતી પરંતુ હાલમાં આ કોરોનાના બીજા વેવમાં કોરોનાના કારણે મૃત્યુનું પ્રમાણ ખુબ જ વધી ગયું છે તેથી છેલ્લા ઘણા સમયથી દરરોજ લગભગ ૧૮ થી ૨૦-૨૨ જેટલી અવસાન નોંધ આવે છે. ઘણા લોકો આ અવસાન નોંધ ફોટા સાથે ડિઝાઇન તૈયાર કરીને મોકલાવે છે તો પણ લોકો કાગળમાં વિગત લખી ફોટો પાડીને મોકલી આપે છે તેથી અમારે તેની ડિઝાઇન તૈયાર કરવી પડે છે. જેમાં એક અવસાન નોંધમાં અડધી-પોણી કલાક જોઇએ. આ ડિઝાઇન બનાવવાનું કામ અમારા ભુજનાં એડમીન હસુભાઇ સોલગામા કરે છે. જે ફોટાને હાર પહેરાવવો. અગરબતી

**એક ગૃપમાં ૨૫૬ જેટલા સભ્યો છે તેવા ૧ થી ૩૦ નંબર સુધીના ગ્રુપ ચાલુ છે**

મુકવી વગેરે ડિઝાઇન તે તૈયાર કરે છે. તેમની મહેનત સારી છે. હાલમાં સ્મશાનયાત્રાના મેસેજ બંધ કરેલ છે કારણ કે કોરોનાના કારણે સ્મશાન યાત્રામાં ૧૫-૨૦ જેટલા પરિવારના સભ્યો જ જોડાય છે. તેથી બંધ કરેલ છે.


વધુમાં અમરશીભાઇ કહે છે, આમા ઘણા સારા નરસા અનુભવ થાય છે. ઘણા લોકો એક જ અવસાન નોંધ બે-ત્રણ એડમીનને મોકલે છે. તેથી ગેરસમજ થાય છે. સમય બગડે છે તેથી લોકોએ કોઇપણ એક જ એડમીનને અવસાન નોંધ મોકલવી. ઘણા લોકો રાત્રે ૨-૨.30 વાગ્યે અવસાન નોંધ મેસેજ મોકલી રાત્રે ફોન કરે કે મેસેજ મોકલાવેલ છે. સવારે સ્મશાનયાત્રા છે તો અત્યારે મુકી દયો. તો કોઇ પોતાના પરિવારના આખા આખા લાંબા નામ લખી મોકલાવે છે. જે અવસાન નોંધમાં સમાય નહીં. નામ ટુંકાવાનું કહીએ તો માથાકુટ કરે. આવા અનુભવ પણ થાય છે. બે કિસ્સામાં જામનગરનાં મગજની અસ્થિરતાના કારણે ઘેરથી ચાલ્યા ગયેલ આપણા સમાજની જુદી જુદી બે વ્યકિતની વિગત ફોટા સહિત આ ગ્રુપમાં મુકતા તેના સગાને તેની ઓળખ થઇ ગઇ. અને તે મળી આવેલ. આવો સુખદ અનુભવ પણ થાય છે.

એકંદરે આપણા સમાજમાં વોટસએપનું આ 'ગુર્જર સુથાર અવસાન નોંધ' ગ્રુપ ખુબ જ લોકપ્રિય અને ઉપયોગી સાબિત થઇ રહયું છે. અમરશીભાઇ બકરાણિયાએ ૨/૫/૨૦૧૮થી શરૂ કરેલ આ ગ્રુપમાં સમયાંતરે જુદા જુદા ગામના સાત લોકોને એડમીન તરીકે નિમ્યા છે. જેમાં (૧) ગ્રુપના સ્થાપક અમરશીભાઇ બકરાણિયા જામખંભાળિયા હાલ રાજકોટ મો. ૯૪૨ ૯૪૨ ૩૫૩૫ / ૯૪૨ ૬૪૦ ૩૫૩૫ (૨) ફોટોગ્રાફિક્સ હસમુખભાઇ સોલગામા-ભુજ(કચ્છ) મો. ૮૮૪૯૯ ૪૯૦૪૫ (૩) વજુભાઇ પંચાસરા - જામનગર મો. ૯૮૨૪૨ ૧૪૨૪૪ (૪) રમણીકભાઇ સુરેલીયા - જામ ખંભાળીયા મો. ૯૮૨૫૨ ૩૨૧૩૮ (૫) હરીશભાઇ ભારદીયા - જામનગર મો. ૯૩૭૫૫ ૩૯૦૫૦ (૬) હિતેષભાઇ ભારદીયા - જામનગર મો. ૯૮૨૫૩ ૭૯૯૩૦ તથા (૭) હર્ષદભાઇ બકરાણિયા - રાજકોટ મો. ૯૯૦૪૩ ૨૨૬૨૧.

આમાં જે તે ગામનાં લોકો પોતાના પરિચિત એડમીનને મેસેજ મોકલાવે છે જે એડમીન હસમુખભાઇ સોલગામાને મોકલે છે અને હસમુખભાઇ ડિઝાઇન તૈયાર કરી અમરશીભાઇને મોકલે છે ને અમરશીભાઇ આ મેસેજ ગ્રુપમાં મુકે છે. આમાં દરેક એડમીન પોતાનો સમય આપે છે અને આ એક સેવાકીય અને ઉપયોગી વોટસએપ ગ્રુપનું સંચાલન ખુબ જ સુચારૂરૂપે ચાલે છે.


# વિશ્વકર્મા વિશ્વ

## ઘર બેઠા લવાજમ ભરો, ઘર બેઠા વિશ્વકર્મા વિશ્વ મેળવો.




મો. ૯૦૯૯૯ ૪૯૫૬૫ પર Paytm અથવા G Pay કરો

અને આજ વોટસએપ નંબર પર આપનું એડ્રેસ મોકલી જાણ કરો...

www.vishwakarmavishwa.com પર તેમજ વિશ્વકર્મા વિશ્વની મોબાઇલ એપ ડાઉનલોડ કરીને પણ આપ લવાજમ ભરી શકો છો...

## રાજકોટ ગુ.સુ. જ્ઞાતિ આઇસોલેશન સેન્ટરનું આયોજન મંત્રીઓએ વખાણી કહ્યું

# અન્ય સમાજો આવુ આયોજન કરે તો કોરોનાની મહામારી સામે વિજય નિશ્ચિત



• પ્રવીણ ગજ્જર

કોરોનાની મહામારીમાં સામાન્ય અને આર્થિક રીતે નબળા પરિવારો કે જેમના પરિવારમાં કોરોના આવ્યો હોય પરંતુ હોમ કવોરન્ટાઇન થવાની સગવડતા ન હોય તેવા લોકો માટે રાજકોટ ગુર્જર સુતાર જ્ઞાતિ દ્વારા શ્રી વિશ્વકર્મા કેળવણી મંડળના મુખ્ય સહકારથી તા. ૨૮-૪-૨૧થી શરૂ કરાયેલ કોમ્યુનિટી આઇસોલેશન સેન્ટર કોરોનાગ્રસ્ત પરિવારો માટે આશીર્વાદ રૂપ બની રહયું. હોસ્પિટલ અથવા આરોગ્ય કેન્દ્ર દ્વારા હોમ કોરોન્ટાઇન થવાનું કહેવામાં આવ્યું હોય અને ઘેર આવી સુવિધા ન હોય તેવા દર્દીઓને દાખલ કરવામાં આવ્યા. તા. ૩૦ના રોજ આ લખાઇ રહયું છે ત્યારે ૮૧ જેટલા દર્દીઓએ લાભ લીધો છે. ગુર્જર સુતાર જ્ઞાતિના પ્રમુખ રસીકભાઇ બદ્રકિયાએ વિશ્વકર્મા વિશ્વ સાથેની વાતચીતમાં કહયું કે, અત્યાર સુધીમાં ૮૧ જેટલા કોરોનાગ્રસ્ત લોકોએ આ સેન્ટરનો લાભ લીધો કેટલાક દર્દીઓ એવા હતા કે જેમને સિવિલમાં મોકલવાની ડોકટરોએ ભલામણ કર્યા બાદ સિવિલમાં દાખલ કરાયા હતા. અત્યાર સુધીમાં કોમ્યુનિટી આઇસોલેશન સેન્ટરમાં આવેલા અને અહીંથી સિવિલમાં મોકલાયેલા દર્દીઓ સહિતના તમામ દર્દીઓ સ્વસ્થ થઇને પોતાના ઘેર ગયા છે. હાલમાં આઇસોલેશન સેન્ટરમાં એકપણ દર્દીઓ નથી. આમ છતાં હજુ થોડા દિવસ આઇસોલેશન સેન્ટર ચાલુ જ રાખવામાં આવશે. કોરોનાની પરિસ્થિતિની સમીક્ષા કર્યા બાદ આઇસોલેશન સેન્ટર કયારે બંધ કરવું તેનો નિર્ણય કરવામાં આવશે.

રસીકભાઇ બદ્રકિયાએ વધુમાં કહયું કે કોમ્યુનિટી આઇસોલેશન શરૂ થતાની સાથે જ સમાજના દાતાઓ તરફથી અનુદાનનો પ્રવાહ શરૂ થયો. દાતાઓએ ઉદાર હાથે રોકડ રકમ કે આઇસોલેશન સેન્ટર માટેની જરૂરીયાતની ચીજવસ્તુઓના રૂપે પણ અનુદાન મળતું રહયું. ઉદાર હાથે મળેલા દાન બદલ દાતાઓ પ્રત્યે અમે સૌ કારોબારી અને ટ્રસ્ટીમંડળ આભારની લાગણી વ્યકત કરીએ છીએ. આઇસોલેશનના ખર્ચના અંદાજ કરતા વધુ અનુદાન એકત્ર થઇ ગયેલ હોવાથી હવે અનુદાન સ્વીકારવાનું તા. ૨૫/૦૫/૨૦૨૧ થી બંધ કરવામાં આવ્યું છે.

**સેન્ટરના ખર્ચના અંદાજ કરતા વધુ અનુદાન મળી ચુકયુ છે, હવે અનુદાન લેવાનું બંધ : રસીકભાઇ બદ્રકિયા**

દરમ્યાન કોમ્યુનિટી સેન્ટરની રાજયના મંત્રીશ્રીઓ આર.સી. ફળદુ, જયેશભાઇ રાદડીયાએ કોર્પોરેશનના અધિકારીઓ અને પદાધિકારીઓ સાથે મુલાકાત લઇ અને આવુ સુંદર આયોજન કરવા બદલ પ્રમુખ રસીકભાઇ બદ્રકિયા અને તેની સમગ્ર ટીમને અભિનંદન આપવાની સાથોસાથ એવો અભિપ્રાય વ્યકત કર્યો હતો કે સરકારની સાથે રહીને દરેક સમાજ દ્વારા આવુ આયોજન કરવામાં આવે તો કોરોના જેવી મહામારીનો જંગ આસાનીથી જીતી શકાય.

કોમ્યુનિટી આઇસોલેશનની આ મુલાકાત દરમ્યાન રાજકોટના મેયર પ્રદીપભાઇ ડવ, ડેપ્યુટી મેયર ડો. દર્શીતાબેન શાહ, સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન પુષ્કર પટેલ, શાસકપક્ષના નેતા વિનુભાઇ ધવા, દંડક સુરેન્દ્રસિંહ વાળા, આરોગ્ય સમિતિના





# મંત્રીઓ આર.સી.ફળદુ અને જયેશ રાદડીયાએ પ્રમુખ રસીકભાઇ બદ્રકિયા અને તેની ટીમને અભિનંદન આપ્યા

ચેરમેન રાજેશ્રીબેન ડોડીયા, મ્યુ. કમિશનર ઉદિત અગ્રવાલ, ડે. કમિશનર પ્રજાપતિ તેમજ આરોગ્ય અધિકારીઓ પણ સાથે રહયા હતા.

મંત્રીઓ અને મહાનુભાવોની આ મુલાકાત દરમ્યાન ગુર્જર સુતાર જ્ઞાતિના અધ્યક્ષ મુકેશભાઇ વડગામા, ટ્રસ્ટી વિનયભાઇ તલસાણિયા, ઉપપ્રમુખ કાંતિભાઇ તલસાણિયા, મંત્રી પ્રદીપભાઇ કરગથરા, ખજાનચી અરવિંદભાઇ ત્રેટીયા, સભ્યો હર્ષદભાઇ બકરાણિયા, હરીભાઇ સીનરોજા, કેતનભાઇ મહીધરીયા, જનકભાઇ વડગામા, કેળવણી મંડળના ઉપપ્રમુખ ચંદ્રેશ ખંભાયતા, દિલીપભાઇ વીસાવડીયા, નીતિન બદ્રકિયા પણ ઉપસ્થિત રહયા હતા.

ઉપરોક્ત હોદેદારો ઉપરાંત જ્ઞાતિના ઉપાધ્યક્ષ જગદીશભાઇ સોંડાગર, ટ્રસ્ટીઓ મુકેશભાઇ ભાડેશીયા, દિનેશભાઇ ખંભાયતા, સભ્યો દિલીપભાઇ પંચાસરા, શાંતિભાઇ સાંકેચા, મિતેશભાઇ ધ્રાંગધરિયા, ઘનશ્યામભાઇ દુદકીયા, કિશોરભાઇ બોરાણિયા, કિશોરભાઇ અંબાસણા, ગોરધનભાઇ ચાંપાનેરા, પણ આઇસોલેશન સેન્ટરની કામગીરીમાં જોડાયેલા રહયા છે.

આ કોમ્યુનિટી આઇસોલેશન સેન્ટર કો-ઓર્ડીનેટર તરીકે લાયન મુકેશભાઇ પંચાસરા, ડો. અમિતભાઇ ખંભાયતા, ડો. હિતેશ ચંદવાણીયા એ નિયમિત સવાર-સાંજ આવીને દર્દીઓની આરોગ્ય ચકાસણી કરવાની વિનામુલ્યે સેવા કરી. થેરાપીસ્ટ કિંજલબેન બદ્રકિયાએ પણ નિયમિત આવી દર્દીઓને ફિઝીયોથેરાપી કરાવી. જરૂર પડયે અન્ય ડોકટરોએ પણ ઓનલાઇન માર્ગદર્શન આપ્યું.

કોમ્યુનિટી સેન્ટરમાં આરોગ્યપ્રદ ભોજન, દવાઓ, ફ્રુટ, નિયમિત આરોગ્ય ચકાસણીની સાથોસાથ દરરોજ સાંજે કલાકાર જયંત ગજજર, નરેન્દ્ર બદ્રકિયા અને તેની ટીમે સંગીતનો કાર્યક્રમ આપી દર્દીઓને તનાવમુકત કર્યો.

કોરોનાની પ્રથમ લહેરમાં પણ આવુ સેન્ટર શરૂ થયું હતું. જેમાં ૮૫ દર્દીઓએ લાભ લીધો હતો. ગુર્જર સુથાર જ્ઞાતિ દ્વારા અન્ય સંસ્થાઓના સહકારથી કોરોનાની બીજી લહેરમાં પણ કોમ્યુનિટી આઇસોલેશન સેન્ટરનું આયોજન અન્ય સંસ્થાઓ અને અન્ય શહેરોની સંસ્થા માટે પ્રેરણારૂપ બની રહયું.



# વિશ્વકર્મા વંશજો માટે વિશ્વ સર્જનહાર સંગઠન દ્વારા સુરતમાં હોસ્પિટલ બનશે

## ટુંક સમયમાં કલીનીક શરૂ કરવા તૈયારી શરૂ

• પ્રવીણ ગજ્જર



ગુજરાતનો સમગ્ર વિશ્વકર્મા વંશજ પરિવાર સંગઠીત થવાની સાથોસાથ સમાજના આર્થિક, સામાજીક, માનસિક વિકાસ થાય અને લોકોને આરોગ્ય વિષયક સુવિધાઓ વિનામુલ્યે મળી રહે તેવા વિવિધ હેતુથી સુરતમાં ૨૦૧૮માં વિશ્વકર્મા પુજનના પવિત્ર દિવસથી વિશ્વકર્મા સર્જનહાર સંગઠનનો પ્રારંભ કરવામાં આવ્યો છે. હાલ સંગઠનનું કાર્યક્ષેત્ર સુરત છે. પરંતુ આ સંગઠનનું કાર્યક્ષેત્ર અમદાવાદ, રાજકોટ, ભાવનગર, જામનગર સહિતના શહેરોમાં પણ દિનપ્રતિદિન વિસ્તારવાનું આયોજન છે. અત્યારે ૪૦૦ જેટલા સભ્યો છે તેમ વિશ્વ સર્જનહાર સંગઠનના પ્રમુખ દિપકભાઇ દેવળીયાએ વિશ્વકર્મા વિશ્વ સાથેની ટેલીફોનીક મુલાકાતમાં જણાવ્યું હતું.




દિપકભાઇ દેવળીયાએ કહયું હતું કે, અત્યારે તબીબી સુવિધા સારવાર ખુબ જ ખર્ચાળ બની છે. સંસ્થા દ્વારા વિશ્વકર્મા વંશજો માટે એક હોસ્પિટલ નિર્માણ કરવાનું આયોજન છે. હોસ્પિટલનું નિર્માણ થતા કદાચ સમય લાગે પણ વિશ્વકર્મા વંશજોને તબિબિ સુવિધા મળવાનું ટુંક સમયમાં જ શરૂ થાય તે માટે કલીનીક શરૂ કરવાની તૈયારી ચાલે છે. આ કલીનીકમાં આપણા સમાજના સેવાભાવી ડોકટરોની સેવા વિશ્વકર્મા વંશજોને વિનામુલ્યે મળી રહે તેવું આયોજન છે. સમાજના ડોકટરોએ પણખ આ સેવાકીય યજ્ઞમાં પોતાની આહુતિ આપવા તૈયારી બતાવી છે.

વિશ્વ સર્જનહાર સંગઠન દ્વારા વિવિધ સમાજપયોગી કાર્યો ચાલતા જ રહયા છે.

કોરોનાની બીજી લહેર આવ્યા બાદ કોરોના સામે વેકસીન જ રક્ષણ આપી શકે છે. આવી ભાવનાથી સુરત-પાસોદરા સંસ્થા દ્વારા વેકસીનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૧૫૦ ભાઇ-બહેનોએ વેકસીન લીધી હતી જેમાં ૧૨૨ જેટલા ભાઇ-બહેનો વિશ્વકર્મા વંશજ પરિવારના હતા. આ કેમ્પમાં રાજકીય આગેવાનો અને કોર્પોરેટરોએ પણ મુલાકાત લઇ અભિનંદન આપ્યા હતા.

સંસ્થા દ્વારા પથ-વિજય ભગવાન ધર્મચાક્રના સહકારથી આયુર્વેદિક દવા અને ઉકાળાનો આરોગ્ય કેમ્પનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. જેનો ૭૦૦ લોકોએ લાભ લીધો હતો. ૪૦,૦૦૦ રૂ.ની દવાઓનું પણ વિનામુલ્યે વિતરણ કરવામાં આવ્યું હતું.

કોરોનાની બીજી લહેરમાં કોરોનાએ ભયાનકતા દેખાડી હતી તેવા સમયે સંસ્થા દ્વારા સિવિલ હોસ્પિટલમાં ૫૦૦ જેટલા લોકોને ચા-નાસ્તો પુરો પાડવામાં આવ્યા હતા. જ્યારે સિવિલ હોસ્પિટલની બહાર પણ દર્દીઓ અને દર્દીઓના સગા-વહાલાઓને ૩૫૦ લીટર જેવું પાણીનો કેમ્પ કરી વિતરણ કરવામાં આવ્યું હતું.

સુરત પાસેના ડાંગ જેવા વિસ્તારમાં રહેતા આદીવાસીઓ કોરોના કાળમાં ભારે મુશ્કેલીમાં છે. ત્યારે સંસ્થાના આગેવાનો બે વખત ડાંગના આદિવાસી વિસ્તાનની મુલાકાત લઇ ચુકયા છે.

## આર્થિક, માનસિક, આરોગ્યના વિકાસ માટેનું ધ્યેય સાથે આગળ વધી રહયા છીએ : દિપકભાઇ દેવળીયા





અને આદિવાસીઅને સુકો નાસ્તો-કપડા જેવી જીવન જરૂરીયાતનું વિતરણ કર્યું હતું. તા. ૬ જુનના રોજ પણ આદિવાસી વિસ્તારમાં બીજી વખત જઇને આશરે ૪૦૦૦ જેટલી કીટનું વિતરણ કરવાનું આયોજન છે.



વિશ્વકર્મા વંશજો કોઇપણ કામ માટે સંસ્થાના હોદ્દેદારો તત્પર હોય છે. કેટલાક તબીબો પરિસ્થિતિનો લાભ લઇ મનફાવે તેટલા પૈસા પડાવતા હોય છે. આવા તબીબો સામે પણ અમો અવાજ ઉઠાવીએ છીએ. તેમ કહી દૃષ્ટાંત આપતા દિપકભાઇએ કહયું કે, આપણા એક વિશ્વકર્મા વંશજને કોરોના થયો. સારવાર પાછળ આઠેક લાખ ખર્ચાઇ ગયા. અંતે આ વિશ્વકર્મા વંશજનું મૃત્યુ થયું. ત્યારે હોસ્પિટલના તબીબોએ સાડા ત્રણ લાખ ભરો તો જ ડેડ બોડી મળશે. તેમ કહયું. અમારી પાસે વાત આવતા જ અમે હોદ્દેદારો હોસ્પિટલે પહોંચ્યા અને લાલ આંખ કરી સંગઠનની તાકાત બતાવી અંતે તેઓએ ડેડ બોડી આપવું પડયું હતું.

સંસ્થા દ્વારા થતી પ્રવૃત્તિઓને સમાજના દાતાઓએ બિરદાવી છે. સમાજના દાતાઓ એક યા બીજારૂપે સહયોગ આપતા જ રહયા છે.



વિજયભાઇ ગુંદેચા



દિપકભાઇ દેવળીયા



જયંતિભાઇ પીઠવા



દિનેશભાઇ માંડવીયા



કાનજીભાઇ તલસાણિયા



નરેશભાઇ ડોડીયા

## વિશ્વ સર્જનહાર સંગઠનના હોદ્દેદારો

વિશ્વ સર્જનહાર સંગઠનના અધ્યક્ષ તરીકે વિજયભાઇ ગુંદેચા (૯૮૨૪૭ ૩૭૭૫૫), પ્રમુખ તરીકે દિપકભાઇ દેવળીયા (૯૨૭૬૩ ૫૨૪૪૮), ઉપપ્રમુખ તરીકે જયંતિભાઇ પીઠવા (મો. ૯૯૧૩૦૦૩૨૦૪), મંત્રી તરીકે દિનેશભાઇ માંડવીયા (મો. ૯૧૭૩૪૧૪૧૬૧), ટ્રસ્ટી કાનજીભાઇ તલસાણિયા (મો. ૯૬૮૭૩ ૮૩૨૩૭), ટ્રસ્ટ નરેશભાઇ ડોડીયા (મો. ૯૭૨૩૬ ૫૭૮૪૦), રાજુભાઇ બોરાણિયા (મો. ૯૮૨૫૬ ૦૫૬૦૨)

# ઉમંગ બકરાણિયા અને તેની ટીમનો સિવિલમાં અનેરો સેવા યજ્ઞ






કોરોનાની બીજી લહેરમાં રાજકોટની સિવિલ હોસ્પિટલ કોરોનાના દર્દીઓથી ઉભરાઇ હતી અને દર્દીઓને દાખલ થવા કલાકો સુધી લાઇનમાં ઉભુ રહેવું પડતું હતું અને ચૌધરી હાઇસ્કુલનું આખુ ગ્રાઉન્ડ કોરોના દર્દીઓ સાથેની એમ્બ્યુલન્સ અને અન્ય વાહનોની લાંબી કતારો લાગતી હતી. આવી પરિસ્થિતિમાં ઉમંગ હર્ષદભાઇ બરકાણિયા અને તેની ટીમે સિવિલ હોસ્પિટલમાં અનોખો સેવાયજ્ઞ શરૂ કર્યો. ૧૪ એપ્રિલથી શરૂ થયેલ આ સેવા યજ્ઞ એક મહિના ઉપર ચાલ્યો અને હજારો દર્દીઓ અને તેના સગાવહાલાએ લાભ લીધો. મહિના ઉપર ચાલેલા સેવા યજ્ઞ માટે દશેક લાખનો ખર્ચ થયો હોવાનું જાણવા મળેલ છે.

કોરોનાની બીજી લહેરના પ્રારંભમાં જયારે સિવિલ હોસ્પિટલમાં અને ચૌધરી હાઇસ્કુલ દર્દીઓથી ઉભરાતી હતી. ત્યારથી સિવિલ હોસ્પિટલમાં સેવા કાર્ય શરૂ કરનાર ઉમંગભાઇ બકરાણિયા અને તેની ટીમ પ્રથમ હતી. ૧૫ દિવસ આ એકલી ટીમે સેવા કાર્ય કર્યું. બાદમાં બીજી સંસ્થાઓ સેવામાં આવી હતી.

સિવિલ હોસ્પિટલ અને ચૌધરી હાઇસ્કુલમાં લાગેલ એમ્બ્યુલન્સની વચ્ચે એક એક વાહન પાસે એક્ટીવા પર જઇને તમામ લોકોને તેમજ સિવિલ હોસ્પિટલમાં તમામ લોકોને પાણીની બોટલો ઉમંગભાઇ બકરાણિયા અને તેની ટીમે પુરી પાડી હતી. રોજની ૭ થી ૮ હજાર પાણીની બોટલનું આ ટીમે વિતરણ કર્યું હતું.

હોસ્પિટલમાં આ સમયે ડેડ બોડીની પણ લાઇનો લાગતી હતી અને આ તમામ લોકો પાસે જઇને પાણી તેમજ અન્ય સુકો નાસ્તો પહોંચાડતો હતો. પાણી વિતરણ બાદ રોજ લીલા નાળીયેરની ગાડીઓ આવતી હતી. દર્દીઓને તથા સગા-વ્હાલાઓને જ નહીં હોસ્પિટલની અંદર જઇને દરેક બેડ પાસે જઇને પણ નાળીયેર પાણી, પાણીની બોટલનું વિતરણ કર્યું હતું.

પાણીની બોટલ સાથે થેપલા, સુકો નાસ્તા-ફરસાણ, બિસ્કીટનું પણ વિતરણ કરવામાં આવ્યું હતું.

ઉમંગ હર્ષદ બકરાણિયા અને તેની ટીમે કોરોનાની પ્રથમ લહેરમાં જરૂરીયાતવાળા ગુર્જર સુતાર પરિવારોને રાશન કીટ પહોંચાડી હતી અને ત્યારબાદ ટીફીન સેવા દ્વારા જરૂરીયાતવાળાઓને ઘેર-ઘેર કીટ પહોંચાડવામાં આવ્યા હતા.

સિવિલ હોસ્પિટલમાં ચાલતા સેવાકાર્ય દરમ્યાન પોલીસ ઇન્સ્પેક્ટર ગડુ સાહેબે મુલાકાત લઇ અને કહયુ હતું કે, તમારી આવી કામગીરી બદલ તમારી ટીમને સેલ્યુટ કર્યું હતું.

ઉમંગભાઇ સાથે જય જોષી, સલીમ મુલતાની, ભરત સાગઠીયા, જીતુ ભરવાડ સહિતના યુવા આ સેવા યજ્ઞમાં જોડાયા હતા.

# સુરત વિશ્વકર્મા કેળવણી મંડળ દ્વારા વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ અને નોટબુક વિતરણ

સુરતમાં શિક્ષણ ક્ષેત્રે કામ કરતી સંસ્થા શ્રી વિશ્વકર્મા કેળવણી મંડળ દ્વારા પ્રતિવર્ષ તેજસ્વી અને આર્થિક રીતે નબળા પરિવારોના વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ અને નોટબુકનું વિતરણ કરવામાં આવે છે. દર વર્ષે ધો. ૮ થી ૧૦ના વિદ્યાર્થીઓને શિષ્યવૃતિ પણ આપવામાં આવે છે. નબળા પરિવારોને નોટબુકનું વિતરણ પણ કરવામાં આવે છે. આ વર્ષે પણ શિષ્યવૃત્તિ અને નોટબુકનું કરવામાં આવનાર છે. આ માટે સંસ્થાના મંત્રી ગોપાલભાઇ વડગામા (મો. ૯૮૭૯૩ ૫૬૨૨૧) તથા ટ્રસ્ટી બકુલભાઇ ધારૈયા (મો. ૯૮૨૪૭ ૯૫૨૨૮) અને અશોકભાઇ માંડવીયાનો (મો. ૯૮૨૫૦ ૨૪૮૯૩) પર સંપર્ક સાધવાનું જણાવાયું છે.

# ૧ વર્ષમાં ધડક સુથાર કારપેન્ટર યુનિયનની પ્રસંશનીય કામગીરી

## યુનિયનના પ્રણેતા અભિજીત રાણેએ પ્રવીણ બોરાણીયાને અભિનંદન આપ્યા






શ્રી અભિજીત રાણેના નેતૃત્વમાં મુંબઇ મહારાષ્ટ્રમાં વિવિધ ટ્રેડ યુનિયનો ચાલે છે. ધડક સુથાર કારપેન્ટર યુનીયન પણ સ્થપાયું છે અને તેના અધ્યક્ષ તરીકે દહીસરમાં રહેતા પ્રવીણભાઇ બોરાણીયાની નિમણુંક કરવામાં આવ્યા બાદ તેમના નેજા હેઠળ ધડક સુથાર કારપેન્ટ યુનિયનમાં આશરે ૩૩૦૦ જેટલા અત્યાર સુધીમાં કારીગરો જોડાયા છે. જયાં લુહાર સમાજના ૧૫૦૦, કડીયા અને મેવાડા સમાજના ૧૦૦૦ તથા સુથાર સમાજના ૮૦૦ જેટલા સભ્યોનો સમાવેશ થાય છે. કોરોનાની મહામારીમાં ધડક યુનિયનના અધ્યક્ષ પ્રવીણભાઇ બોરાણીયાની રાહબરી હેઠળ સુથાર કારીગર પરિવાર માટે પ્રસંશનીય કામગીરી કરી છે. આ એક વર્ષ દરમ્યાન કોરોનાના કારણે આર્થિક મુશ્કેલીમાં સપડાયેલા પરિવારોને ઘેર-ઘેર જઇને રાશનકીટનું વિતરણ કર્યું છે. એટલું જ અસરગ્રસ્ત પરિવારોની અન્ય મુશ્કેલીમાં પણ સહયોગ આપ્યો છે. પ્રવીણભાઇની આ કામગીરીના ધડક યુનિયનના પ્રણેતા શ્રી અભિજીત રાણેએ પણ તેમનું સન્માન કરી અભિનંદન આપ્યા છે.

ધડક સુથાર કારપેન્ટર યુનિયનના અધ્યક્ષ અને વિશ્વકર્મા બાગના ભૂતપૂર્વ ટ્રસ્ટી પ્રવીણભાઇ બોરાણીયા કહે છે, સંકટ સમયે સમાજમાં એકતા અને અખંડીતતા જળવાઇ અને સંકટ સમયે જરૂરીયાતવાળા પરિવારોને સહાયરૂપ બનવું તેને જ સાચી સેવા કહેવાય. સમાજમાંથી મેળવેલુ સમાજને આપવું જોઇએ. છેલ્લા એક વર્ષથી સમાજના લોકોની થતી રહેતી કસોટી થઇને ખુબ જ દુઃખ થાય છે. ગરીબ પરિવાર માંગી શકતો નથી અને મધ્યમ વર્ગનો પરિવાર બોલી શકતો નથી. આવા પરિવારોને એક વર્ષથી ઘેર-ઘેર કીટનું વિતરણ કરતો રહીને આવા પરિવારોની વહારે આવ્યો છું. વિશ્વકર્મા જયંતી સાદાઇથી ઉજવવી જોઇએ અને એ રકમમાંથી સમાજને મદદરૂપ બનવું જોઇએ. સુથાર સમાજ-લુહાર સમાજના લોકોને કીટ વિતરણ કર્યું છે અને આવી સેવા હું કરતો જ રહીશ. પ્રવીણભાઇ બોરાણીયા અધ્યક્ષ અધ્યક્ષ બાદ તેમણે વાપીના કિશોરભાઇ સંચાણિયાની ઉપાધ્યક્ષ તરીકે અને ભાનુબેન કવાની મહિલા ઉપાધ્યક્ષ તરીકે તથા પ્રકાશભાઇ ભાલારા અને રસીકભાઇ પીપળીયાની પણ યુનિયનમાં નિમણુંક કરી છે.


## કન્યા જોઈએ છે

રાજકોટ સ્થિત ગુર્જર સુથાર છુટાછેડાવાળા નિઃસંતાન યુવક (ઉ.વ. ૪૦), ઘરનું મકાન તથા ઘરનું કારખાનું ઘરમાં બે વ્યકિતનો પરિવાર ધરાવતા યુવક માટે કન્યા જોઈએ છે.

**સંપર્ક : મો. નં. ૯૯૨૪૧ ૧૫૭૫૫.**

# અમદાવાદમાં આઈસોલેશન સેન્ટર





ભયાવહ અને ઘાતક કોવીડ-૧૯એ છેલ્લા ૧૫ મહિનાથી માનવ સમુદાય પર  વિશ્વ વ્યાપક ભરડો લીધો છે. કોરોનાગ્રસ્ત મરીઝોની સંખ્યામાં ઉતરોતર અકલ્પનિય વધારો થવા માંડ્યો અને તેથી આ સંખ્યાને સમાવિષ્ટ કરી તેનો ઈલાજ કરવામાં સરકારી આરોગ્ય કેન્દ્રોમાં (સાથે સાથે ખાનગી કેન્દ્રો)-અસમર્થતા દૃશ્યમાન થવા લાગી. આવા કપરા અને સંકટયુક્ત સમયે સામાજિક, ધાર્મિક સંસ્થાઓ તથા સબળ લોકોએ સરકારનું ભારણ હળવું કરવા તથા માનવતાનો અભિગમ પ્રદર્શિત કરવા આગળ આવી આ કાર્યમાં સહભાગી થવુ તે તેમની પવિત્ર અને નાગરિકીય ફરજ છે. આવા  ઉમદા અને માનવીય દ્રષ્ટિકોણને ધ્યાનમાં રાખી અમદાવાદ સ્થિત શ્રી સૌરાષ્ટ્ર ગુર્જર સુતાર યુવક સંઘ-શ્રી વિશ્વકર્મા મંદિરના સાંસ્કૃતિક ભવન ખાતે અમદાવાદ સ્થિત અન્ય સંસ્થાઓના સંકલન અને પૂરાં સહયોગથી તારીખ-૨/૫/૨૧ના રોજથી આ આઈસોલેન કેન્દ્ર શરૂ કરવામાં આવેલ. બે ડોક્ટર્સ, બે પરિચારિકાઓ, બે વોર્ડબોય, જરૂરી દવાઓ, ઓકસીજન સીલીન્ડર્સ તથા જમવાની વ્યવસ્થા સાથે સર્જિત કરેલ કેન્દ્રને મ્યુનિસિપલ તંત્રએ તેમની મુલાકાત દરમિયાન માળખાગત સુવિધાઓ અને અન્ય વ્યવસ્થાની ભરપૂર પ્રસંશા કરેલી-૨૦ થી ૨૨ મરીઝોએ આ કેન્દ્રથી લાભાન્વિત થયા હતા. તારીખ ૧૪થી દર્દીઓની સંખ્યા એકદમ ઘટતા અને સતત ચાર દિવસ આ માહોલ રહેતા. કોવિડ-૧૯ની બૃહદ સમિતિ તત્કાલ મળી અને પરિસ્થિતિનું વિશ્લેષણ કરી અને નિર્ણય લીધો કે આ કેન્દ્રને હાલ પુરતો તારીખ ૨૦/૫/૨૧ થી વિરામ આપવો અને ભવિષ્યમાં આવશ્યકતા જણાય તો પુનઃ ચલાયમાન કરવુ આ રીતે તા.૨૦/૫/૨૧ના રોજથી આ અભિયાન પૂર્ણ થયેલ છે. જાણીતા શિક્ષણવિદ પરેશભાઇ સુથારના ૧ લાખના અનુદાનથી અનુદાનની સરવાણી શરૂ થઇ અને દાતાઓ તરફથી આશરે રૂા. ૯,૦૦,૦૦૦/-થી વધારે અનુદાન પ્રાપ્ત થયું. અનુદાતાઓ દરિયાવ દિલે દાન વરસાવ્યું. દાનઝોળી છલકાવી દીધી. પ્રવાહ ચાલુ જ હતો. અમદાવાદ સ્થિત અન્ય સંસ્થાઓ, ઉદારચરિત દાનવીરો, પરિશ્રમી કાર્યકરો તથા સમાજ હિતૈશી આત્મજનોના પૂરા સહયોગથી આ ઉત્કૃષ્ટ કાર્ય સાર્થક અને સફળ રહ્યું.

**(અહેવાલ : શાંતિભાઈ આર. ખોડદિયા -૯૭૨૫૦૬૬૩૦૪)**




Designing | Printing | Advertising

સૌરાષ્ટ્ર, ગુજરાત કે દેશના કોઈ પણ અખબાર અને મેગેઝીનમાં
કોમર્શિયલ, શુભેચ્છા, ક્લાસીફાઈડ કે અન્ય કોઈ પણ જાહેરાત આપવા માટે સંપર્ક કરો

ફોર કલર વીઝીટીંગ કાર્ડ, બીલ બુક, લેટર પેડ, કવર, બ્રોશર, પેમ્પલેટ,
આમંત્રણ કાર્ડ, પરિવાર પરિચય ગ્રંથ અને બુક વર્ક સહિતના પ્રીન્ટીંગ કામ માટે સંપર્ક કરો

Ramy Ads | Pravin Gajjar
+91-90999 49565

320, Heera Panna Complex Dr. Yagnik Road, Rajkot - 360 001 Ph. 0281-2461858
web : www.vishwakarmavishwa.com - e-mail : vishwakarmavishwa@yahoo.com

# જયંતિભાઇ મેવાડા : મેવાડા સમાજના ભામાશા



## ફાર્મા ઇન્ડસ્ટ્રીઝની મશીનરી ઉત્પાદનમાં પાયોનીયર બન્યા : શિક્ષણ અને સામાજીક ક્ષેત્રે અઢળક દાન આપ્યું

**શબ્દાંજલી : પ્રવીણ ગજ્જર**

શૂન્યમાંથી સર્જન કરી મોટા ઉદ્યોગપતિ બનવાની સાથોસાથ સમાજમાંથી મેળવેલું સમાજને અર્પણ કરી આજીવન સમાજસેવા કરીને સમાજનો દીર્ઘકાળ સુધી શૈક્ષણિક-સામાજિક-સાંસ્કૃતિક-ધાર્મિક વિકાસ થાય તેવું વિચારીને તેનો અમલ કરી શકે તેવા વીરલા સમાજમાં ભાગ્યે જ પાકે છે. આવા વીરલા એટલે જયંતિભાઇ રેવાશંકર મેવાડા. તન-મન-ધન દ્વારા સમાજની આજીવન સેવા કરનાર મેવાડા સમાજના ભામાશા-ઉદ્યોગપતિ-સમાજ રત્ન અને ફકત મેવાડા સમાજ જ નહીં સમગ્ર વિશ્વકર્મા પરિવાર માટે સન્માનનીય એવા જયંતીભાઇ મેવાડા હવે તા. ૨૦-૦૫-૨૧થી આપણી વચ્ચે નથી. તેમનો સ્થુળ દેહ હવે નથી રહયો. પરંતુ અંબાજી ખાતેના વિશ્વકર્મા મંદિરના ઘંટારવમાં, ફાર્મા ઉદ્યોગમાં અને મેવાડા સમાજની શૈક્ષણિક-સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં તેનો આત્મા સદાય ધબકતો રહેશે. તેમણે કૌટુંબીક ભાવના, સમાજસેવા-આર્થિક સેવા, સામાજીક સેવા ક્ષેત્રે જે સુગંધ પ્રસરાવી છે તે સદાય મધમધતી રહેશે.

બનાસકાંઠા જિલ્લાના નાના એવા વડગામના રેવાશંકરભાઇ મેવાડાના ચાર પુત્રો કાળીદાસભાઇ, જયંતિભાઇ, નટુભાઇ અને હસમુખભાઇ અને એક પુત્રી ચંપાબેન.

૧૯૪૪માં જન્મેલા બીજા નંબરના પુત્ર જયંતિભાઇએ પ્રાથમિક શિક્ષણ વડગામમાં જ સરકારી શાળામાં લીધું. નાનપણમાં સુથારીકામથી તેમની કેરીયરની શરૂઆત કરી. ઓછુ ભણેલા જયંતિભાઇ મામા શ્રી વિરચંદભાઇના હાથ નીચે કામમાં નિપૂણતા મેળવી. ત્યારબાદ મોટાભાઇ કાળીદાસભાઇ સાથે ફાર્મા મશીનરીના ધંધાની શરૂઆત કરી.

ત્યારબાદ ફાર્મા ઉદ્યોગના વિકાસ ધ્યાનમાં લઇને ૧૯૭૮માં ફાર્મા ઇન્ડસ્ટ્રીઝમાં પેકેજીંગ મશીનનો પ્રારંભ કર્યો. અંબિકા મશીન ટુલ્સ નામ અપાયું. ફાર્મા ઇન્ડસ્ટ્રીઝ માટે પેકેજીંગ માટેની મશીનરી બનાવવાના તેઓ પાયોનીયર રહયા. ભારતમાં આ પ્રકારની મશીનરી બનાવવામાં તેઓ પ્રથમ હતા અને આવી મશીનરીના ઉત્પાદનને કારણે દેશભરની ફાર્મા ઇન્ડસ્ટ્રીઝમાં તેમનું નામ ગુંજતું રહયું.

૧૯-૧૦-૧૯૮૮માં થયેલ પ્લેન ક્રેશમાં જયંતિભાઇના મોટાભાઇ કાળીદાસભાઇનું દુઃખદ અવસાન થતા જયંતિભાઇ ઉપર જવાબદારીનું ભારણ વધ્યું. તેમણે સહજતાથી જવાબદારીઓ સ્વીકારી.

ત્યારબાદ સખત મહેનત અને ઉદ્યમી એવા જયંતિભાઇએ બ્રધર્સ ફાર્મા પેક (ઈન્ડિયા) પ્રા.લિ.ની સ્થાપના કરી તેમના ત્રણ પુત્રો હરેશભાઇ, મહેશભાઇ અને નીરવભાઇ પણ આજ ઇન્ડસ્ટ્રીઝમાં સાથે હતા. ફાર્મા ઇન્ડસ્ટ્રીઝ માટે અલગ પ્રકારની મશીનરીનું ઉત્પાદન દેશ-વિદેશમાં વખણાવા લાગ્યું.

જયંતિભાઇના લગ્ન ૧૯૬૨માં ભીખીબેન (ભાવનાબેન) સાથે થયા. તેમને ત્રણ સંતાનોમાં ત્રણ પુત્રો હરેશભાઇ, મહેશભાઇ અને નીરવભાઇ છે. મહેશભાઇ અને નીરવભાઇ પ્રહલાદનગરમાં માતા ભાવનાબેન (ભીખીબેન) સાથે રહે છે.


સ્વામી સચ્ચિદાનંદજીના આશીર્વાદ લેતા જયંતિભાઇ


જયંતિભાઇ મેવાડા તેમના પત્ની ભીખીબેન સાથે

યુવાન વયેથી જ સમાજના સર્વાંગી વિકાસ માટેના સમાજકાર્યમાં લાગી ગયા હતા. સમાજનો શૈક્ષણિક, આર્થિક, સામાજીક, ધાર્મિક વિકાસ થાય તેવા ધ્યેય સાથે કામ કરતા રહેલા જયંતિભાઇ મેવાડાએ ધંધાકીય વ્યવહાર બંને પુત્રો મહેશભાઇ અને નીરવભાઇને સોંપી ૧૯૯૨માં ધંધાકીય નિવૃત્તિ લીધી અને પછી તો સંપૂર્ણ જીવન સમાજ સેવા પાછળ ગાળ્યું. ૨૦-૦૫-૨૧ના રોજ તેમણે આપણા વચ્ચેથી વિદાય લીધી.

સાદગીસભર જીવનશૈલીના સ્વામી એવા જયંતિભાઇ મેવાડાએ શ્રી વિશ્વકર્મા મેવાડા સુથાર સમાજ (ગુજરાત) અંબાજીની સ્થાપના કરી. અંબાજીએ કરોડો લોકોનું આસ્થા સ્થળ છે અને અંબા માતાજીના દર્શને દર વર્ષે લાખો લોકો આવે છે. વિશ્વકર્મા સમાજના લોકો અંબાજી આવે ત્યારે તેમને જમવા સાથે રહેવાની સામાન્ય દરે સુવિધા મળે શકે તેવી ભાવનાથી અંબાજીમાં ઉંચી ટેકરી પર વિશ્વકર્મા પ્રભુજીનું મંદિર અને અતિથિભવન નિર્માણ કરવા ૨૦,૦૦૦ ચો ફુટ જમીન ખરીદ કરી ૮-૬-૨૦૦૬માં જયંતિભાઇ મેવાડા અને તેમના પત્ની ભીખી બહેનના હસ્તે તેમનું ખાતમુહુર્ત આ ઐતિહાસિક અવસર માટે જયંતિભાઇએ વિશ્વકર્મા વિશ્વને પણ ખાસ આમંત્રણ આપ્યું હતું અને આ લખનારે આ ઐતિહાસિક પ્રસંગે હાજરી આપી હતી. તેમના નેતૃત્વમાં તૈયાર થયેલ આધુનિક સુવિધાથી જ સજજ એવો આ ૩૦ રૂમ સાથેના અતિથિ ભવનના નિર્માણ માટે જયંતિભાઇએ સારુ એવું આર્થિક યોગદાન પણ આપ્યું. તા. ૨૦-૩-૨૦૧૩ના રોજ કાળીદાસ મિસ્ત્રી ભવન નામકરણ કરી અને વિશ્વકર્મા મંદિર સાથેનું આ અતિથિભવન મેવાડા સમાજને અર્પણ કરવામાં આવ્યું. આ ઐતિહાસિક પળે ઉપસ્થિત રહી આ લખનારે પણ ધન્યતા અનુભવી હતી.


અંબાજી ખાતે અતિથિ ભવનનું ખાતમુહુર્ત જયંતિભાઇ અને ભીખી બહેનના હસ્તે થયું હતું

સમાજના લોકોને આર્થિક મુશ્કેલીના સમયે આર્થિક જરૂરીયાતો પુરી શકાય તે માટે જયંતિભાઇ મેવાડાએ ધ વિશ્વકર્મા મેવાડા કો.ઓપ. ક્રેડીટ સોસાયટી લી. અમદાવાદની સ્થાપના કરી ૨૪-૧-૨૦૧૬ના રોજ જયંતિભાઇના વરદ હસ્તે તેનું ઉદઘાટન થયું. સંસ્થાના સ્થાપક અને ચેરમેન તરીકે સંસ્થાનો વિકાસ કર્યો. હાલમાં ૨૫૦૦ જેટલા સભ્યો ધરાવતી આ ક્રેડીટ સોસાયટી નફો કરતી થઇ ગઇ છે. સમાજના બીજા આગેવાનો પણ જવાબદારી સ્વીકારી તેવા ઉદાર સ્વભાવ ધરાવતા જયંતિભાઇએ થોડા સમય પહેલા જ ક્રેડીટ સોસાયટીનું ચેરમેન પદ છોડી અને શ્રી ગણપતભાઇ પી. મિસ્ત્રીને સોંપ્યું છે.

અમદાવાદના બહારના શહેરોમાંથી ભણવા આવતા વિદ્યાર્થીઓને રહેવા-જમવા સહિતની સુવિધા મળી રહે તેવા હેતુથી મુંબઇ અને અમદાવાદના મેવાડા સમાજ દ્વારા ૮૦ વર્ષ પહેલા જ અમદાવાદમાં શ્રી વિશ્વકર્મા મેવાડા છાત્રાલય

ટ્રસ્ટ દ્વારા છાત્રાલય શરૂ કરાયું. જરૂરીયાતો વધતા આ છાત્રાલયમાં બીજો માળ બાંધવાની જરૂરીયાત ઉભી થઇ ત્યારે જયંતિભાઇ મેવાડાએ બાંધકામ માટે મોટુ દાન આપ્યું. છાત્રાલયનું શ્રી કાળીદાસ રેવાશંકર મિસ્ત્રી નામકરણ થયું. આ સંસ્થામાં તેઓ આજીવન આમંત્રીત રહયા.

ધાનધાર મેવાડા સમાજના જયંતિભાઇ અગ્રણી દાતા હતા અને શૈક્ષણિક સામાજીક, ધાર્મિક ક્ષેત્રમાં તેઓએ અઢળક અનુદાન આપ્યું છે. ધાનધાર મેવાડા સમાજ વેલ્ફેર ફંડ સંસ્થામાં કારોબારી સભ્ય તરીકે તેમણે લાંબો સમય સેવા આપી હતી. તેઓ સમાજના મહામંડળના પંચ હતા.

ધાનધાર મેવાડા સમાજના પાલનપુર ખાતે આવેલ વિશ્વકર્મા સંકુલના માધ્યમિક શાળાના વિદ્યાભવનમાં એ જમાનામાં ૫ લાખનું માતબર દાન આપ્યું હતું. આ વિદ્યાભવનનું શ્રીમતી ભીખીબહેન જયંતિભાઇ મેવાડા નામકરણ પણ થયું છે.

જયંતિભાઇ મેવાડા ખુબજ દીર્ઘદ્રષ્ટિવાળા હતા. તેઓ હયાત ન હોય ત્યારે પણ તેમનો સેવા યજ્ઞ નિરંતર ચાલતો રહે તે માટે તેઓ છેલ્લા ૫ વર્ષથી પોતાના પુત્ર નીરવને કાર્યક્રમોમાં અને અન્ય સેવાકીય પ્રવૃત્તિમાં સાથે જ રાખી તેમનો સમાજ સેવાનું ભાથુ આપ્યું છે. જયંતિભાઇના પત્ની ભીખીબહેને તો જયંતિભાઇનો પડછાયો બની તમામ પ્રવૃત્તિઓમાં સાથ આપ્યો છે અને તેઓ પણ જયંતિભાઇનો સેવાયજ્ઞ ચાલુ રાખવા કટીબદ્ધ છે. જયંતિભાઇના પત્ની ભીખી બહેન પુત્રો મહેશભાઇ અને નીરવભાઇ ઉપર ધંધાકીય વિકાસની સાથે સમાજના સર્વાંગી વિકાસ માટે યોગદાન આપતા રહેવાની મોટી જવાબદારી આવી છે ત્યારે જયંતિભાઇએ આપેલા સંસ્કારનો વારસો આવી જવાબદારીઓ નિભાવવા ભગવાન વિશ્વકર્મા સદાય બળ પુરુ પાડે તેવી પ્રાર્થના...

વિશ્વકર્મા વિશ્વને જયંતિભાઇ સાથે વર્ષોથી આત્મીયતાનો નાતો હતો. તેથી જયંતિભાઇના જવાથી વિશ્વકર્મા વિશ્વ પણ આત્મીયજન ગુમાવ્યો હોવાની અનુભૂતિ કરે છે.

**(પુરક માહિતી કનુપ્રસાદ મિસ્ત્રી રીટાયર્ડ મામલતદાર-અમદાવાદ અને પ્રો. બાબુભાઇ મેવાડા)**



## અંબાજીમાં ભવ્ય અતિથિ ગૃહ સાથે વિશ્વકર્મા મંદિરના નિર્માણ સહિતના અનેક સેવા કાર્યની સુગંધ મહેકતી રહેશે



## સંપાદકની વાત...



પ્રખ્યાત કવિ અને ચિત્રકાર વિલિયમ બ્લેક એમ કહેતા, કે ‘‘મારી સફળતાનું રહસ્ય એ હતું કે મારા કામ કરવાના ખંડમાં કદી ઘડિયાળ રાખતો નહોતો.’’ મિત્રો , જે સમય મળ્યો છે તેનો શ્રેષ્ઠ ઉપયોગ કરો. વીતેલો સમય પાછો નહિ આવે. માટે આજનું કામ આજે જ કરીએ.

અત્યારે કોરોના મહામારીનો સમય છે. ઘેર રહીએ, સુરક્ષિત રહીએ. ઘેર બેઠાં અભ્યાસ અને સદ્વાંચન કરીએ. આવજો. માસ્ક પહેરો. વારંવાર હાથ ધૂઓ. બિનજરૂરી બહાર જવાનું ટાળો. બાકી આનંદમાં રહો.

- સંપાદક : મો. નં. ૯૯૭૯૨ ૩૭૨૫૯

# દીવા દોડ્યા દડબડ... દડબડ...(બાળવાર્તા)

- ભારતીબહેન ગોહિલ

દિવાળી ની રાત . ચારેબાજુ ફટાકડા ફૂટી રહ્યા હતા. ધડામ..ધડામ... એવા અવાજો આવી રહ્યા હતા. નાનકડો પવન પણ પોતાના દાદીમા સાથે ફટાકડા ફોડી રહ્યો હતો. તેના ઘરની બહાર બરાબર સામે આવેલ દીવાલ પાસે એક છછુંદર અને તેનું બચ્ચું આટા મારી રહ્યાં હતાં. છછુંદરનું બચ્ચું ભારે બીકણ .ફટાકડા ફૂટે અને પાછું ભાગે ! ભાગી ભાગીને અહીં જાય ને ત્યાં જાય. છછુંદર કહે,‘‘પણ તું આમ ભાગ્યા કેમ કરે છે?’’ બચ્ચું કહે, ‘‘મા... મને ફટાકડાની બહુ બીક લાગે છે !’’ મા, ‘‘પણ ભાગવાથી શું વળે ?એનાથી થોડી આફત ટળે?’’ બચ્ચું,‘‘તો પણ હું શું કરું ?’’ને ત્યાં તો પાછા મોટા બોમ્બ ફૂટવાનો અવાજ આવ્યો. જેવો અવાજ આવ્યો કે બચ્ચું પાછું બીકનું માર્યું ભાગ્યું. ભાગતા -ભાગતા પડ્યું એક ખુલ્લા ટાંકામાં...ટાંકામાં તો ઘણું પાણી ! બચ્ચાની મા મુંઝાણી ! બચ્ચું તો મા....મા.. કરે,ચારે બાજુ અંધારૂં... છછુંદરને અવાજ સંભળાય ખરો પણ બચ્ચું દેખાય નહીં. તેણે તો આડા અવળા ઘણા ચક્કર માર્યા. પણ કંઈ વળ્યું નહીં .અજવાળું હોય તો દેખાય ને,



બહાર કઢાય પણ અજવાળું તો ક્યાંથી કાઢવું? ઓચિંતુ તેનું ધ્યાન પવનના ઘર પર ગયું. જોયું તો દીવાની આખી લાઈન... તે તો દીવા પાસે... જઈને કહે, ‘‘દીવા દીવા સાથે આવ. થોડું તારુ અજવાળુ લાવ.’’ સાંભળીને દીવો કહે ,‘‘ના... હું નહિ આવું.’’ તો છછુંદર બીજા દીવા પાસે ગઈ અને કહે,‘‘ દીવા...દીવા સાથે આવ, તારું થોડું અજવાળું લાવ.’’ બીજો દીવો પણ કહે, ‘‘ના ...હો..હું નહિ આવું .’’ આમ છછુંદર ત્રીજા,ચોથા પાંચમાં એમ બધા દીવા પાસે ગઈ પણ બધાએ તો ના પાડી. છછુંદર નિરાશ થઈ ગઈ. ત્યાં પવનના દાદીમાનું ધ્યાન ગયું.‘‘કહે, અલી, છછુંદર... આમ કેમ આંટા મારે છે ?’’ છછુંદર તો પોતાનું બચ્ચું ટાંકામાં પડી ગયાની વાત કરી અને કહ્યું, ‘‘ત્યાં બહુ જ અંધારૂં છે ને કોઈ દીવા સાથે આવતા નથી.’’ દાદીમાં તો પોતાની લાકડી હાથમાં લીધી ને પહોચ્યા દીવા પાસે. જઇને પૂછ્યું,‘‘એલા દીવડાઓ... શું કહે છે આ છછુંદર? તમે બચ્ચાને બચાવવા જવાની ના પાડો છો?’’ દીવડા કહે,‘‘હા, દાદીમા અમે નહીં જઈએ. અમને તો આજે દિવાળીની રાત્રિએ

રોશની માટે ગોઠવ્યા છે અને અહીંથી હલીયે તો આડા અવળા થઈ જઈએ... ને વળી તમારો ઠપકો મળે એ વધારામાં...'' દાદીમા કહે,''ખરા છો તમે બધા પણ !''

રોશની તો બરાબર પણ એના કરતાં કોઈનો જીવ બચાવવો એ વધારે અગત્યનું કામ છે હવે સમય ન બગાડો અને ચાલો જલ્દી બચ્ચાને બચાવીએ...''આટલું બોલી દાદીમાએ પોતાની લાકડી પછાડી. પછી તો- પહેલો દીવો દોડ્યો, દડબડ... દડબડ... બીજો દીવો દોડ્યો, દડબડ... દડબડ... ત્રીજો દીવો દોડ્યો, દડબડ... દડબડ.. આમ કરતાં કરતાં આઠ દીવડા દોડ્યા. આગળ જાય છછુંદર અને પાછળ દીવડા એની પાછળ દાદીમા. બધા પહોચ્યા ટાંકા પાસે. ચારેય બાજુ બે- બે દીવડા ગોઠવાઈ ગયા. અજવાળું અજવાળું થઈ ગયું. છછુંદરનું બચ્ચું દેખાઈ ગયું. દાદીમાએ પોતાની લાકડી ટાંકામાં લંબાવી.બચ્ચું લાકડી પર ચડ્યું અને ધીમે ધીમે બહાર નીકળી ગયું. તે તો પોતાની માને ભેટી પડયું દાદીમા ખુશ થયા અને દીવડાનો આભાર માન્યો. પછી કહે , ''હવે જાવ અને તમારી જગ્યાએ પાછા ગોઠવાઈ જાવ.'' દીવડા તો વળી પાછા દડબડ...દડબડ ..દોડ્યા ને પોતાની જગ્યાએ ગોઠવાઈ ગયા... રોશની કરવા.

## પ્રેરક પ્રસંગઃ કઠોરતા તૂટે છે.

**- સૂર્યા સિંહા**

ચીનના મહાન દાર્શનિક કન્ફ્યુશિયસ . સદા પોતાના શિષ્યોને કંઈક ને કંઈક આપવા વ્યાકુળ રહેતા હતા.જ્યારે તેઓ મૃત્યુશૈયા પર હતા ત્યારની વાત છે :

બધા શિષ્યોને નજીક બોલાવી લીધા ને કહ્યું , ''મારા મોમાં જુઓ અને કહો કે એમાં શું છે ?'' કહીને એમણે મોં ખોલી નાખ્યું.

શિષ્યોએ કહ્યું , ''મોં તો ખાલી છે.''

''શું તમને દાંત દેખાય છે ?''

''ના , ગુરુજી .''

''શું તમને જીભ દેખાય છે ?''

''જી, ગુરુજી.''

''તો પછી મારા દાંત ક્યાં ગયા ?''

''તૂટી ગયા.''

'કેમ ? દાંત જ તૂટ્યા ? જીભ ના તૂટી ? કારણ કે, દાંત કઠોર હતા.જીભ નમ્ર છે.એટલે તેનું અસ્તિત્વ ટકી રહ્યું.''

માટે કઠોર , ક્રૂર નહિ , પણ નમ્ર, કોમળ ને સહનશીલ બનીએ.

**સૌજન્ય : 'અચલા' માંથી સારવીને.**

## બાલગીત

### આજ રે સપનામાં

**- યશવંત મહેતા**

આજ રે સપનામાં મેં તો અજરજ એવાં જોયાં , મા,
પાંખો ફૂટી રુડી, ઊડી હું મારા સપનામાં !
વાદળીઓ જ્યાં દોડે, પકડદાવ ખેલે જો ;
પછી પરોવાય પાણી સમુદ્રનાં ભરવામાં.
બાજ , સમડીને અચરજ ભારે થાતું જો ;
નાની શી છોકરી કાબેલ આભે તરવામાં !
થોડીક પરીઓ આવીને રમવા લાગી જો ;
આગળ નીકળે કોણ તારાને ગણવામાં.
નાચવું, ગાવું, ખાવું, આનંદ સૌ આપે જો;
સૌથી અદકો આનંદ આભલે સરવામાં !

**(સૌજન્યઃ બાલિકાઓનાં ગીત.)**

## પ્રેરક વિચાર :

સજ્જનોનું લેવાનું પણ આપવા માટે હોય છે .જેમકે વાદળોનું , એ ધરતીની વહેતી નદીઓમાંથી પાણી લે છે પછી એને જ પાછું આપી દે છે.

- કાલિદાસ

### એક વિચાર :

બાળકને શીખવવાનું છે કે મુશ્કેલીઓ ઉપર વિજય કેવી રીતે મેળવવો.બાળક એ કિંમતી મોતી છે.જેની કોઈ કિંમત હોતી નથી અને ખરીદી શકાતું નથી.

**સૌજન્યઃ બાલ મૂર્તિ.**

### જાણવા જેવું :

શબ્દોના અર્થ :
અંગીકાર = સ્વીકાર
મોજૂદ = હયાત, હાજર
યામિની=રાત્રિ
હટાણું= ખરીદકામ
અંગરખું=નાનો જામો



## હસી લઈએ-

રોહિત (સ્ટેશનરીની દુકાને જઈને બોલ્યો) અંકલ, પ્રિન્ટરમાં ચાલે એવો કાગળ આપો.

દુકાનદાર : A - ૪ ?

રોહિતઃ મને ખબર જ છે એ ફોર એપલ જ થાય, તમે કાગળ આપોને. **(સૌજન્યઃ પાયસ.)**

# વીણાબેન ધ્રાંગધરિયા : મધ્યાહ્‌ને સુર્યાસ્ત

**શબ્દાંજલી : પ્રવીણ ગજ્જર**

યુવા વયે જ રાજકારણ અને સમાજસેવા ક્ષેત્રે ઝુકાવીને જિંદગીના છેલ્લા શ્વાસ સુધી સેવાની સુગંધ પ્રસરાવી સૌની ચાહના મેળવી અને વીણાબેન અશ્વિનભાઇ ધ્રાંગધરિયાએ ૫૫ વર્ષની વયે કોરોનાને લીધે આપણી વચ્ચેથી વિદાય લીધી. સમાજ સેવાનો સુરજ હજુ મધ્યાહ્‌ને હતો ત્યારે જ વીણાબેનની અણધારી વિદાયને કારણે મધ્યાહ્‌ને જ સુર્યાસ્ત થયો હોવાની લાગણી-સમગ્ર સમાજ, તેમના સગા-સ્વજનો સહિત હજારો લોકોને થઇ હતી.



મુળ ખોરાળાના વતની હરીભાઇ રામજીભાઇ ભાડેશીયાના પુત્રી એવા વીણાબેને રાજકોટમાં રહેતા અશ્વિનભાઇ હરખનજીભાઇ ધ્રાંગધરિયા કેજેઓ દક્ષ એન્જિનિયરીંગ નામથી ઔદ્યોગિક એકમ ધરાવતા હતા અને કોઠારીયા રોડ પર ગુ.હા. બોર્ડમાં રહેતા હતા તેની સાથે ૧૯૮૧માં પ્રભુતામાં પગલા માંડ્યા હતા.


સાસરીયે આવી યુવાન વયથી જ તેઓ સમાજ સેવામાં લીન થયા હતા. કોઠારીયા વિસ્તારમાં રહેતા કોઇપણ પરિવારના સુખ-દુ:ખમાં તેઓ ભાગીદાર બનતા હતા. આવી સેવાની સુગંધને કારણે તેઓ ગ્રામ પંચાયતના ૧૯૮૧માં બિનહરીફ સભ્ય બન્યા. તેઓ ૨૫ વર્ષ ગ્રામ પંચાયતમાં બિન હરીફ સભ્ય રહયા અને આ દરમ્યાન પાણી પુરવઠાના ચેરમેન બન્યા. કોઠારીયા મહાનગરપાલિકામાં ભળ્યું ત્યાં સુધી તેઓ ગ્રામ પંચાયતમાં સભ્ય બની રહયા. ત્યારબાદ તેઓ ભારતીય જનતા પક્ષના વોર્ડ નં. ૧૮ના મહિલા મોરચાના પ્રમુખ બન્યા અને આજીવન રહયા.

હાઉસીંગ બોર્ડની સ્થાપનાથી એટલે કે ૩૦ વર્ષથી વીણાબેને ગુ.હા.બોર્ડના પ્રમુખ તરીકેની ફરજ નીભાવી આ સમય હાઉસીંગ બોર્ડમાં તમામ પ્રકારની સુવિધાઓ ઉભી કરાવી. પછી તો વિસ્તાર કોર્પોરેશનમાં ભળતા આખા વોર્ડની તેઓ ચિંતા કરવા લાગ્યા. રિદ્ધિ સિદ્ધિ પાર્ક, મંગલ પાર્ક, સ્વાતી પાર્ક, હાપલીયા પાર્ક સહિતની સોસાયટીઓમાં પ્રાથમિક સુવિધા અપાવવામાં સિંહ ફાળો ભજવ્યો. વોર્ડ - ૧૮ની તમામ સોસાયટી જ નહીં અન્ય વિસ્તારના લોકો પણ તેમની વિવિધ સમસ્યાઓ લઇને વીણાબેન પાસે આવતા. વીણાબેન આવા પરિવારોની સમસ્યા ઉકેલતા પછી ભલે તે સમસ્યા કૌટુંબીક હોય, સામાજીક હોય કે કોર્પોરેશનને લગતી હોય. તમામ સમસ્યાઓનું નિરાકારણ કરાવતા.

ગુર્જર સુતાર જ્ઞાતિના વિવિધ કાર્યક્રમોમાં પણ વીણાબેન તેની ટીમ સાથે પહોંચી જતા અને સેવા કરતા.આવા સેવાભાવી, લોકપ્રિય વીણાબેન કોરોના આવ્યો. કોરોનાને પણ તેમણે હિંમતથી મહાત આપી પરંતુ કોરોનાની આડ અસર ઉભી થઇ હતી. જે ડોક્ટરો નીવારી ન શકતા ૫૫ વર્ષની વયે જ વીણાબેને આપણી સૌ વચ્ચેથી વિદાય લીધી.

વીણાબેનના પતિ અશ્વિનભાઇ કારખાનેદાર છે. પુત્ર હીરેન પણ પિતાની સાથે ધંધામાં છે. વીણાબેનની પુત્રી ક્રિષ્ના રાકેશભાઇ પંચાસરા રાજકોટમાં જ રહે છે.

વીણાબેનના જવાથી તેનો પરિવાર જ નહીં સમગ્ર સમાજ સ્તબ્ધ થયો. વીણાબેન ભલે હવે આપણી વચ્ચે નથી પરંતુ તેઓએ ૩૦ વર્ષ સુધી કરેલ સેવાની સુગંધ સમાજમાં સદાય મધમધતી રહેશે.


છોટુભાઇ દામજીભાઇ વાલંભિયા
૯૭૧૪૭ ૮૮૮૫૭
મહેશભાઇ વાલંભિયા
૯૮૨૫૨ ૮૮૮૫૭
મુકેશ વાલંભિયા
૯૭૧૨૯ ૮૮૮૫૭
ભાવેશ વાલંભિયા
૯૮૨૫૭ ૮૮૮૫૭
VB
વાલંભિયા
બોડી બિલ્ડર્સ
દરેક જાતના ટ્રક બોડી, કેબીન
TATA S, TATA L.P.,
લેલન્ડ, ડમ્પરના સ્પેશ્યાલીસ્ટ

જકાતનાકા સામે, દેવાભાઇના ગેરેજની બાજુમાં,
વીરાણી અઘાટ, ઢેબર રોડ(સાઉથ), રાજકોટ.
ફોન : (ઓ.) ૨૩૭૧૦૭૯
ભુલો ભલે બીજું બધું પણ મા-બાપને ભુલશો નહી



# શ્રદ્ધાંજલી

જેઓનું મુખારવિંદ સ્મિત અને ઉત્સાહથી ભરપૂર છે,
હૃદય કરૂણાનો સાગર છે,
વચન અમૃત સમ પ્રાણદાયક છે,
અને સતકાર્યો પરમાર્થ માટે છે,
આપ અમારા માટે સદૈવ વંદનીય છો.
પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના...

**સ્વ. વીણાબેન**
**અશ્વિનભાઈ ધ્રાંગધરિયા**
સ્વ. તા. ૦૭/૦૬/૨૦૨૧

**અશ્વિનભાઈ હરખજીભાઈ ધ્રાંગધરિયા**
**હિરેનભાઈ અશ્વિનભાઈ ધ્રાંગધરિયા**
**નિમિશા હિરેનભાઈ ધ્રાંગધરિયા**
(દક્ષ એન્જિનિયર્સ)
**ક્રિષ્નાબેન રાકેશભાઈ પંચાસરા**
**દક્ષ - હર્ષીલ - કરીશ્મા - વૃતિકા - વિરાજ**



# સુજોક એક્યુપ્રેશર સેન્ટર

- ✓ મણકાનો દુઃખાવો
- ✓ ગાદી ખસી જવી
- ✓ સ્ત્રીરોગ(ગાયનેક)
- ✓ કાકડા
- ✓ સાયટીકા
- ✓ પેરેલીસીસ
- ✓ ફ્રોઝન સોલ્ડર
- ✓ અનિદ્રા
- ✓ બી.પી.
- ✓ ડાયાબીટીસ
- ✓ કોરોનરી હાર્ટ ડીસીઝ

**સહિતના અસાધ્ય રોગની**
**એકમાત્ર અસરકારક સારવાર...**

**અમદાવાદ :** વિશાખા વિશાલ ગજ્જર (સુજોક એક્યુપ્રેસરીસ્ટ),
મો. ૯૯૭૯૮ ૭૧૨૮૪

**રાજકોટ :** ભક્તિબેન યુ. પીલોજપરા (સુજોક એક્યુપ્રેસરીસ્ટ)
સમય : સાંજે ૫.૦૦ થી ૮.૦૦(દર બુધવારે રજા)
'મનિષ', ૩-રામનગર, ગોંડલ રોડ,
રાજકોટ. મો. ૯૯૯૮૧ ૧૯૭૭૫

VISHWAKARMA VISHWA(Gujarati), MONTHLY, RNI Regd. No. GUJGUJ/2013/49269. Post Reg. No. RAJKOT/497/2021-2023. Posted at Rajkot RMS on 10th of Every Month

# ભાવભરી શ્રદ્ધાંજલી



## સ્વ. હસમુખભાઇ મોહનભાઈ ખંભાયતા

**જન્મ તા. ૪-૪-૧૯૫૨**
**સ્વ. તા. ૬-૫-૨૦૨૧**

સૌજન્ય, સદ્ભાવ, સ્નેહ, સૌમ્યતા જેનો સ્વભાવ હતો,
સહજતા અને ઉદારતા જેના સદ્ગુણો હતા,
પરમાર્થ અને પુરૂષાર્થ જેની કર્મનિષ્ઠા હતી તેવા દિવ્ય આત્માને
પ્રભુ શાંતિ અર્પે એ જ પ્રાર્થના...

**ગં.સ્વ. જ્યોતિબેન(રમાબેન) હસમુખભાઇ ખંભાયતા**
**સિદ્ધાર્થ હસમુખભાઇ ખંભાયતા - સાગર હસમુખભાઇ ખંભાયતા** (ફીલવેલ ઈન્ડસ્ટ્રી)

---

**કિશોરભાઈ મોહનભાઈ ખંભાયતા** (ડુનેક્ષ) - **મીનાબેન કિશોરભાઈ ખંભાયતા**
**કેતન કિશોરભાઈ ખંભાયતા**

---

**ગૌતમભાઈ મોહનભાઈ ખંભાયતા - રીટાબેન ગૌતમભાઈ ખંભાયતા**
**દર્શન ગૌતમભાઈ ખંભાયતા**

---

**અનિલ મોહનભાઈ ખંભાયતા** (એલઆઈસી એડવાઈઝર) - **ભાવિષા અનિલભાઈ ખંભાયતા**
**વિહાન અનિલભાઈ ખંભાયતા**